**સુવિચાર**
સેવા એટલે બીજા પ્રત્યે સહયોગ અને સદ્દભાવ. સેવા એટલે આજ્ઞાનું પાલન કરવું.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૧/૦૪/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ-૩ વર્ષ : ૧૫ અંક : ૧૦૧

મફત ઓપરેશન
નીચે પ્રમાણેના રોગો માટે મફત ઓપરેશન સુવિધા....
અકસ્માત ઈજા - ફ્રેકચર - ટ્રોમા સિઝેરિયન - પ્રસુતિ ઓપરેશન
સારણગાંઠ - એપેન્ડીક્ષ - વધરાવળ હરસ - મસા - ફીશર
પથરી - પ્રોસ્ટેટ કીડનીના રોગો કીડનીના દર્દી માટે મફત ડાયાલીસીસ
લેપ્રોસ્કોપીક સર્જરી ( દૂરબીનથી ઓપરેશન)
૨૪x૭
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૯૩૦૦૦

## પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટિલનાં અધ્યક્ષસ્થાને

# અમરેલી ખાતે ભાજપ દ્વારા બુથ પ્રમુખ તથા કાર્યકર્તા સંમેલન યોજાયું

**અમરેલી લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાને પાંચ લાખ મતોથી વિજેતા બનાવવાનો સંકલ્પ**

**મોદી સરકારની ૧૦ વર્ષની વિકાસયાત્રાને ઝડપથી આગળ વધારવાનાં કામે લાગી જવા સંકલ્પ**

**જિલ્લાભરમાંથી મોટી સંખ્યામાં કાર્યકરો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા**

**પ્રભારી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ઈફકો ચેરમેન દિલીપ સંઘાણી પણ ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા. ૧૦
અમરેલી ખાતે ભાજપ પ્રમુખ સી.આર. પાટિલની અધ્યક્ષતામાં બુથ પ્રમુખ અને કાર્યકર્તા સંમેલન યોજાયું હતું. જેમાં જિલ્લાભરમાંથી તમામ બુથ પ્રમુખ, કાર્યકર્તાઓ અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પ્રદેશ પ્રમુખે અમરેલી લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાને પાંચ લાખ મતોથી વિજેતા બનાવવા હાંકલ કરી હતી અને મોદી સરકારે ૧૦ વર્ષમાં દેશમાં ઐતિહાસિક કાર્યો કર્યા છે તેની યાદી વર્ણવીને પુનઃ મોદી સરકાર બનવાની નિશ્ચિત હોય દેશનાં વિકાસનાં અધુરા કાર્ય પૂર્ણ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

આ તકે લોકસભા કલસ્ટર પ્રભારી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી, જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશ કાબરીયા, નાયબ દંડક કૌશિક વેકરિયા, ધારાસભ્ય મહેશ કસવાલા, હીરાભાઈ સોલંકી, જે.વી. કાકડીયા, જનક તળાવીયા, પૂર્વ ધારાસભ્ય બાવકુભાઈ ઉંઘાડ, ડો. કાનાબાર, દિનેશ પોપટ, હિરેન હિરપરા, શરદ લાખાણી, અશ્વિન સાવલિયા, મયુરભાઈ માંજરીયા સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

Netra Chikitsa Ayurved College & Hospital
Managed by Netra Chikitsa Trust Amre
નેત્ર ચીકીત્સા આયુર્વેદ હોસ્પિટલ દ્વારા આયોજિત
ગર્ભાધાન અને ગર્ભસંસ્કાર યજ્ઞ
11 ગુરુવાર એપ્રિલ 2024 સવારે 07 કલાકે શરૂ...
આ યજ્ઞ માં કોણ બેસી શકે...
• જેમને બાળકો જોઈએ છે.
• જે ગર્ભવતી છે.
-:: યજ્ઞના ફાયદાઓ ::-
1. જેમને બાળકો જોઈએ છે તેમને ઉત્તમ બીજ બને છે અને ઉત્તમ સંતાન બનવા માટે મદદ મળી શકે.
2. સગર્ભાવસ્થા દરમિયાન માનસિક તણાવ દૂર કરે છે.
3. બાળકના મગજનો સારી રીતે વિકાસ થાય છે.
4. માતા અને બાળકમાં હેપ્પી હોર્મોનનું પ્રમાણ વધે છે.
5. માતા અને બાળકમાં અધ્યાત્મિક શક્તિનો વધારો થાય છે.
-:: આયોજક ::-
REGISTER NOW!
પ્રસુતિ તંત્ર અને સ્ત્રીરોગ વિભાગ (ઓપીડી નં.3)
8425883253 / 9023541178 / 8799206187

જોઈએ છે
પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ / બહેનો આકર્ષક પગારથી જોઈએ છે
શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

Kelvinator
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
Kelvinator ઈલેક્ટ્રોનીક્સ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડક્ટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એક જ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
RAM ENTERPRISE
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૫૭

હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S
પગાર ધોરણ : ૧૫૦૦૦/- થી ૨૧૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૧૪૦૦૦/- થી ૧૬૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 1(Ladies & Gents)
નર્સીંગ સ્ટાફ
GNM / ANM / Bsc Nursing
પગાર ધોરણ : ૧૧૦૦૦/- થી ૧૩૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૯૦૦૦/- થી ૧૧૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 2 (Ladies )
અમરેલીમાં રહેતા વ્યકિતઓને પ્રાથમિકતા આપવામાં આવશે.
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

## કોંગ્રેસ પક્ષ દ્વારા ''પાંચ ન્યાય'' હેઠળ ૨૫ ગેરંટીથી થીમ પર વોર ફોર ન્યાય ઝોનની રચના

# દરેક શિક્ષિત યુવકને એક લાખની એપ્રેન્ટિસ શિપ, દરેક ગરીબ મહિલાને એક લાખ

### દેશનાં દરેક ખેડૂતોને સ્વામીનાથન સમિતિનાં અહેવાલ મુજબ એમએસપી અપાશે

### ૩૦ લાખ સરકારી નોકરીઓ ઉપર લાયકાત ધરાવનાર યુવકોની ભરતી કરાશે

### દેશનાં ખેડૂતોની ખેતી લોન માફ કરવાનું વચન પણ આપવામાં આવ્યું

### પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે પ્રભારી મુકુલ વાસનિક અને પ્રમુખ શકિતસિંહ ગોહિલે ન્યાયપત્ર જાહેર કર્યુ

અમદાવાદ, તા. ૧૦

રાજીવ ગાંધી ભવન ખાતે એ.આઈ.સી.સી.નાવરિષ્ઠમહાસચિવ, સાંસદ અને ગુજરાત કોંગ્રેસનાં સંગઠન પ્રભારી મુકુલવાસનીકજી અને પ્રદેશ પ્રમુખ શકિતસિંહ ગોહિલજી સહિત વરિષ્ઠ આગેવાનોની ઉપસ્થિતિમાં લોકસભા ચૂંટણી માટે ન્યાયપત્ર જાહેર કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષનાં ન્યાયપત્રમાં યુવાનો, મહિલાઓ, કામદારો, ખેડૂતો, શ્રમિક અને ભાગીદારી માટેની ૨૫ ગેરંટીનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૪૮ પાનાના ન્યાય પત્રમાં દસ ન્યાય માટેના સંકલ્પ કરવામાં આવ્યા છે. દેશમાં ભાજપ સરકારના રાજમાં બેરોજગારી, મોંઘવારી, આર્થિક હાલાકી સહિતની મુશ્કેલીઓના અન્યાય કાળને ખતમ કરી કોંગ્રેસ પક્ષ ન્યાય કરશે. આ ન્યાય પત્રમાં યુવા ન્યાય, મહિલા ન્યાય, ખેડૂત ન્યાય, શ્રમિક ન્યાય, હિસ્સેદારી ન્યાય, બંધારણીય ન્યાય, આર્થિક ન્યાય, રાજય ન્યાય, સંરક્ષણ ન્યાય, પર્યાવરણ ન્યાય એમ દસ ન્યાય સંકલ્પ આપવામાં આવ્યાં છે. કોંગ્રેસ પક્ષની ૨૫ ગેરંટીઓમાં ૩૦ લાખ સરકારી નોકરીઓ જેમાં તમામ સરકારી ખાલી જગ્યાઓ ભરતી કેલેન્ડર પ્રમાણે ભરવામાં આવશે, યુવાનોની પહેલી નોકરી પાકી જેમાં દરેક શિક્ષિત યુવકને એક લાખની એપ્રેન્ટિસશિપનો અધિકાર, મહાલક્ષ્મી ગેરંટી અંતર્ગત દરેક ગરીબ પરિવારની એક મહિલાને દર વર્ષે એક લાખ રૂપિયા આપવામાં આવશે. કેન્દ્ર સરકારની નવી નોકરીઓમાં મહિલાઓને ૫૦% અનામત આપવામાં આવશે. ખેડૂતોને વાજબી વળતર માટે સ્વામિનાથન પંચની ફોર્મ્યુલા પ્રમાણે લઘુત્તમ ટેકાના ભાવને કાનૂની દરજજો તેમજ કૃષિ લોન માફ કરવામાં આવશે અને તેના અસરકારક અમલ માટે એક કાયમી આયોગની રચના કરવામાં આવશે. મહેનતનું સન્માનની ગેરંટીમાં લઘુત્તમ દૈનિક વેતન રૂા. ૪૦૦ કરવામાં આવશે અને મનરેગામાં પણ તે લાગુ કરવામાં આવશે. સૌને સ્વાસ્થ્યનો અધિકાર ગેરંટીમાં ૨૫ લાખ રૂપિયાનું સાર્વત્રિક સ્વાસ્થ્ય કવચ, જેમાં નિઃશુલ્ક નિદાન, દવાઓ, સારવાર અને ઓપરેશનનો સમાવેશ થશે. સામાજિક સુરક્ષા અંતર્ગત સામાજિક તેમજ આર્થિક સમાનતા માટે દરેક વ્યકિત દરેક વર્ગની ગણતરી હાથ ધરાશે. આમ કોંગ્રેસની પાંચ ન્યાય ગેરંટી થકી તમામ સમાજ, વર્ગ, જ્ઞાતિના લોકોને હક્ક અધિકાર મળે તે સુનિશ્ચિત કરવામાં આવશે.

રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત કોંગ્રેસનાં સંગઠન પ્રભારી અને વરિષ્ઠ સાંસદ મુકુલ વાસનીકદ્વારા પ્રદેશ પ્રમુખ શકિતસિંહ ગોહિલજી સહિત વરિષ્ઠ આગેવાનોની ઉપસ્થિતિમાં 'વોર ફોર ન્યાય' ઝોનના મીડીયા રૂમ, વોરરૂમને ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. જેમાં મીડીયા રૂમ, વોરરૂમ, સ્ટ્રેટેજી રૂમ, કો–ઓર્ડીનેશન રૂમ સહિત ૧૪ જેટલા રૂમોમાં લોકસભા ચૂંટણીની સક્રિય કામગીરી કરવામાં આવશે. વોર ફોર ન્યાય ઝોનની રચના કોંગ્રેસ પક્ષની 'પાંચ ન્યાય' હેઠળ ૨૫ ગેરંટીથી થીમ પર બનાવવામાં આવ્યો છે. વોરરૂમ, સ્ટ્રેટેજી રૂમ, મીડીયા રૂમ સહિતની જગ્યાએ યુવા ન્યાય, નારી ન્યાય, કિસાન ન્યાય, ભાગીદારી ન્યાય અને શ્રમિક ન્યાયની મુખ્ય વાતોને અંકિત કરવામાં આવ્યાં છે. વોર ફોર ન્યાય ઝોનના ૭૮ જેટલા કાર્યકર્તા–આગેવાનો ચૂંટણીલક્ષી પ્રક્રિયા પર સતત મોનીટરીંગ કરશે. વોરરૂમમાં ૨૬ લોકસભા માટેના કો–ઓર્ડીનેટર નિમવામાં આવ્યાં છે. વોરરૂમના કો–ઓર્ડીનેટરો ચૂંટણી દરમ્યાન રાઉન્ડ ધ કલોક કામગીરી કરશે. લોકસભાના ઉમેદવાર, તેમના ચૂંટણી એજન્ટ સાથે વોરરૂમના કો–ઓર્ડીનેટરો ચૂંટણી પ્રક્રિયા, પ્રચાર–પ્રસાર, જાહેર સભાઓ, પ્રેસ કોન્ફરન્સ, મીડીયા સંકલન, સ્ટારપ્રચારક સંકલન, પ્રદેશ–રાષ્ટ્રીય આગેવાનોની રેલીઓ–સભાઓ માટેનું સંકલન, વોરરૂમ, મીડીયા સેન્ટર, કમાન્ડ સેન્ટરથી કરવામાં આવશે. રાષ્ટ્રીય નેતૃત્વ સાથે સંવાદ તેમજ વ્યૂહરચના માટે સ્ટેટેજી ઝોનની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. લોકસભા ચૂંટણી માટે બેઠક દીઠ ૨૬ લોકસભા મીડીયા કો–ઓર્ડીનેટર અને વિભાગીય પ્રવકતાની નિમણુંક કરવામાં આવી છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા પ્રદેશ મીડીયા સંકલન સમિતિનું ગઠન કરવામાં આવ્યું છે. મીડીયા સેન્ટર દ્વારા ચૂંટણી દરમ્યાન વિવિધ ચેનલોમાં પ્રતિનિધિ મોકલવા, પ્રેસનોટ, પ્રેસ કોન્ફરન્સ, જાહેર ચર્ચાઓ માટે પ્રતિનિધિ સંકલન કરવામાં આવશે.

'વોર ફોર ન્યાય' ઝોનના ઉદ્‌ઘાટન પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ અને કેમ્પેઈન કમીટીના ચેરમેન સિધ્ધાર્થભાઈ પટેલ, પૂર્વ પ્રદેશ પ્રમુખ અને સી.ડબલ્યુ.સી. મેમ્બર જગદીશભાઈ ઠાકોર, વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષ પરમાર, એ.આઈ.સી.સી.ના મંત્રી રામકિશન ઓઝીજી, ઉષાબેન નાયડુજી, એ.આઈ.સી.સી. મીડીયા કો–કન્વીનર સારીકાસીંઘ સહિત પ્રદેશ પ્રવકતાઓ અને મીડીયા કો–ઓર્ડીનેશન કમીટીના સભ્યો, ઝોનલ પ્રવકતાઓ, લોકસભા મીડીયા કો–ઓર્ડીનેટરો ઉપસ્થિત રહ્યાં હતાં.

---

### એડીશનલ ચીફ જયુડી. મેજીસ્ટ્રેટનો ચુકાદો

## અમરેલીની નાગરિક બેન્કના બાકીદાર રમણીકભાઈ ગોલને ચેક રીર્ટન કેસમાં સજા

### એક વર્ષની સાદી કેદ અને બાકી રકમ ચુકવવા આદેશ

અમરેલી, તા. ૧૦

અમરેલી નાગરિક સહકારી બેંક માંથી રૂપિયા ૧૦ લાખની લોન ધંધાના વિકાસ અર્થે લઈને નિયત સમયે રકમ ન ભરનાર બાકીદારને એક વર્ષની સાદી કેદ અને બાકી રકમ વ્યાજ સહિત ચુકવવા અમરેલીના થર્ડ એડી. સિનિયર સિવિલ જજ અને એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ કે.એમ. વ્યાસ દ્વારા આદેશ કરવામાં આવેલ છે.

નાગરિક બેંકના રીકવરી અધિકારી અજય નાકરાણીએ બેંકના બાકીદાર રમણીકભાઈ ઘનજીભાઈ ગોલ, રહે. કેરીયા રોડ, અમરેલી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ મુજબ કેસ કરેલ જેનો ચુકાદો જાહેર થયો છે. જેમા બાકીદારને રૂપિયા ૧૦.૯૪ લાખ વાર્ષિક ૯ ટકાના સાદા વ્યાજે ચુકવવાનો હુકમ થતા બેંકમાંથી લોન લઈને રકમ પરત ન કરનાર અન્ય બાકીદારોમાં ફફડાટ ફેલાયો છે.

---

### લોકસભા ચુંટણી અંતર્ગત કરી કાર્યવાહી

## ઉના પોલીસે બે દિવસમાં દારૂનાં જથ્થા સાથે ૧૯ બુટલેગરો વિરૂધ્ધ કાર્યવાહી

### સમગ્ર પંથકનાં બુટલેગરોમાં ફેલાયો ફફડાટ



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૦

ગીર સોમનાથ પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ.ચૌધરીના આગામી લોકસભા ચુંટણી–૨૦૨૪ અનુસંધાને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે પ્રોહી–જુગાર અંગેની પ્રવૃતિ નેસ્ત–નાબુદ કરવા સખત સુચના કરેલ હોય.

જે અંગે ઉના પી.આઈ. એમ.એન. રાણાની સુચના મુજબ સર્વેલન્સ સ્કોર્ડના પોલીસના માણસોની ટીમો બનાવી પ્રોહી–જુગારના પ્રવૃતિ કરતા ઈસમોને ઝડપી પાડવા જરૂરી સુચના માર્ગદર્શન આપેલ હોય જે સુચના મુજબ સર્વલન્સ સ્કોર્ડના પો.સબ.ઈન્સ એચ.એલ. જેબલીયા, અહે. માંડવી ચેક પોસ્ટ ઈન્ચાર્જ પો.સબ.ઈન્સ. એચ.કે. વરૂ સાથેના ચેક પોસ્ટ ફરજ ઉપરના પો.સ્ટાફના માણસો સહિત ઉના સર્વલન્સ સ્કોર્ડના માણસો દ્વારા ઉના એહમદપુર માંડવી ચેક પોસ્ટ ખાતે વાહન ચેકીંગની કામગીરી દરમ્યાન દિવ તરફથી આવતા વાહનો ને રોકાવી આગવી સુઝબુઝથી વાહન ચેકીંગની કામગીરી દરમ્યાન નાના મોટા વાહનો ચોરખાનુ બનાવી વિદેશી દારૂ ચોરી છુપે થી ગુજરાતમા પહોચાડવાના કિમીયાને નાકામ કરી લોકસભા ચુંટણી–૨૦૨૪ અંતર્ગત અલગ– અલગ ટીમો બનાવી ઈંગ્લીશ દારૂના તથા દેશી દારૂના છેલ્લા બે દિવસના ૧૯ જેટલા કેસો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

---

### ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીશ સુનિતા અગ્રવાલ દ્વારા નવિન ભેટ

## દાંપત્ય જીવનમાં વિવાદોને સોહાર્દપુર્ણ રીતે ઉકેલવાનાં હેતુથી પરિવાર પ્રિલીટીગેશન લોક અદાલત શરૂ થશે

### જાહેર સ્થળોએ ફરિયાદ પેટી મુકાશે અને તમામ વિગત ખાનગી રહેશે

અમરેલી, તા. ૧૦

એક સમય હતો કે જયારે સ્ત્રી અને પુરૂષ એકવાર લગ્નનાં તાંતણે બંધાય પછી જીવનનાં છેલ્લા શ્વાસ સુધી સાથ નિભાવતાં હતાં. સુખ–દુઃખ, તડકી–છાંયડી આવે ને જાય પણ પતિ–પત્ની કયારેય એકબીજાનો સંગાથ ન છોડે. પરંતુ આજનાં ઝડપી યુગમાં સંબંધો જેટલી ઝડપથી બંધાય છે એટલી જ ઝડપથી તૂટે પણ છે. માણસમાં કાં તો પહેલાંનાં જેવી ધીરજ રહી નથી અને કાં તો સહનશકિત ખૂટી ગઈ છે. જે હોય તે પરંતુ આજનાં દંપતિને લગ્નજીવનમાં એક જરા જેવી તકલીફ પડે તો પણ એકબીજાથી છૂટા થઈ જવાની બહુ જ ઉતાવળ હોય છે.

આવા કટોકટીનાં સમયમાં દંપતિને જો મૈત્રીપૂર્ણ રીતે સાંભળવામાં આવે અનેસમજાવવામાં આવે તો તૂટવાનાં આરે આવી ગયેલાં સંબંધો પણ ફરીથી નવપલ્લવિત થતા હોય છે. આવા જ એક શુભ આશયથી ગુજરાત હાઈકોર્ટનાં ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ ટૂંક સમયમાં જ ગુજરાતને એક નવીન ભેટ આપવા જઈ રહયા છે.

લગ્ન જીવનમાં પડકારોનો સામનો કરી રહેલાં કુટુંબો માટે એક નવતર પ્રયોગ રજુ થવા જઈ રહયો છે. જેમાં લગ્ન સંબંધિત તકરારોનું મૈત્રીપૂર્ણ અને શાંતિ સભર વાતાવરણમાં સમાધાન કરવાની એક પ્રક્રિયા પ્રારંભ થઈ રહી છે. ઉચ્ચ વિચાર શૈલીમાંથી પ્રગટ થયેલું એક વિચારબિજ આગામી સમયમાં કુટુંબ સશકિતકરણનું એક વિશાળ વટવૃક્ષ બનીને ભાંગતાં કુટુંબોને સમાધાનનો છાંયડો પૂરો પાડનાર બનવાનું છે.

દાંપત્યજીવનનાં વિવાદોનાં નિરાકરણ માટે બહુ નજીકનાં સમયમાં જિલ્લા મથકે કાયમી પ્રિલીટીગેશન લોક અદાલત શરૂ થનાર છે. જેનો ઉદેશ પરિવારોને મજબુત બનાવવાનો છે. પતિ–પત્નીનાં સંબંધોમાં ઉદભવતી તકરારો આગળ વધે અને મોટું સ્વરૂપ ધારણ કરે તે પહેલાં જ તેમાંથી રસ્તો કાઢવાનો પ્રયત્ન કરવામાં આવશે. પતિ કે પત્ની પોલીસ કેસ કે કોર્ટ કાર્યવાહીમાં પડે તે પહેલાં જ તકરારોનું અસરકારક નિવારણ કરવાની સુવિધા આપવાનો આ એક નિષ્ઠાવાન પ્રયાસ છે.

હવે આપણે સમજીએ કે વૈવાહિક સમસ્યાઓ માટેની કાયમી પ્રિલીટીગેશન લોક અદાલત કઈ રીતે કામ કરશે. સૌ પ્રથમ તો જાહેર જગ્યાઓ જેવી કે, કોર્ટ, મામલતદાર કચેરી, તાલુકા પંચાયત, પોલીસ સ્ટેશન, બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, પોસ્ટ ઓફિસ જેવા જગ્યાઓએ ફરિયાદપેટી મૂકવામાં આવશે. જેમાં કોઈપણ પક્ષકાર લગ્ન જીવન સંબંધિત તકરારો બાબતે પોતાની ફરિયાદ લખીને તેમાં નાંખી શકશે. જે કાગળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલી દ્વારા નિમાયેલાં પી.એલ.વી. એકઠાં કરશે અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળને સુપ્રત કરશે. તાલીમ પામેલાં અનુભવી અને કુશળ મધ્યસ્થીઓ દ્વારા વિવાદગ્રસ્ત દંપતિને વારાફરતી સાંભળવામાં આવશે, તેમની વચ્ચે સંવાદિતા સર્જાય તેવા પ્રયત્નો કરવામાં આવશે અને પોલીસ સ્ટેશન તથા કોર્ટની લાંબી અને ખર્ચાળ પ્રક્રિયામાંથી બચાવી ઝડપી અને સસ્તો ન્યાય મળે તે રીતે આગળ વધવામાં આવશે.

વૈવાહિક સમસ્યાઓ માટેની કાયમી પ્રિલીટીગેશન લોક અદાલતની કામગીરી એકદમ ગુપ્ત અને તટસ્થ વાતાવરણમાં યોજવામાં આવશે. આ પ્રક્રિયામાં જોડાવા માટે કોઈ ફી કે વકીલ ખર્ચ કરવો પડતો નથી. આ યોજનાનો ઉદેશ પારિવારિક સુખાકારી વધારવાનો છે. જેથી મધ્યસ્થી દ્વારા બંને પક્ષોનાં વિવાદનાં મુદ્દાઓને સમજી, સંયુકત પ્રયાસોથી સુખદ અને કાયમી નિરાકરણ શોધવાનું કામ કરે છે. જયારે એકવાર બંનો પક્ષો વચ્ચે સમજૂતી થઈ જાય એટલે તેનુ લખાણ કરવામાં આવે છે અને તે સમાધાનનું કાયમી પાલન થાય તે સુનિશ્ચિત કરવામાં આવે છે.

આમ, દાંપત્યજીવનનાં વિવાદોને સોહાર્દપૂર્ણ રીતે ઉકેલવાનાં હેતુથી બહુ ટૂંક સમયમાં જ શરૂ થનાર આ પારિવારિક પ્રિલીટીગેશન લોક અદાલતનો જરૂર જણાયે લાભ લેવા જિલ્લા કાનુની સેવા સતામંડળનાં સુપ્રિન્ટેન્ડેન્ટ દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

---

### જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાતની માંગ

## ખેડુતો, રીક્ષાચાલકો, હીરાનાં કારીગરો અને શ્રમિકોને રંજાડવાનુ બંધ કરો

### વંડા પોલીસ વધારે પરેશાન કરતી હોવાનો આક્ષેપ



અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લામાં અવાર નવાર બનાવો બનતા હોય છે જેમાં પોલીસતંત્રને માત્ર ને માત્ર ખેડૂત, હીરાના કારીગર અને મજુર વર્ગના લોકો જેઓ તેમના કામ અર્થે અપ ડાઉન કરતા હોય અને ખેડૂતો તેમના ખેતરે વાહનો લઈ આવતા હોય અને અન્ય નાના વાહનો ચલાવતા હોય ત્યારે પોલીસ દ્વારા ચેકિંગમાં ઉભા રાખી પોલીસ અધિકારીઓ ડોક્યુમેન્ટ સાથે નથી જેથી વાહનો ડિટેન્ડ કરે છે અને આ ચેકિંગ સમયે ટ્રકો નંબર પ્લેટ વગરના હોવા છતાં તેમને ઉભા રખાતા નથી જેથી ભારતના બંધારણ સમાનતાનો અધિકાર આપેલ છે તેમ છતાં ફક્ત નાના માણસોની સામાન્ય ભૂલ હોય તો તેમના પર કાર્યવાહી કરવી જેમાં ખાસ વંડા પોલીસ ફક્ત હીરાના કારીગરોને અપ ડાઉન કરતા લોકો ને દંડે છે.

આ હેરાનગતી આગામી દિવસોમાં બંધ નહિ કરવામાં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી પણ પ્રતાપ દૂધાત દ્વારા આપી છે.

---

### વિશ્વમાં પાંચમાં નંબરની ઈકોનોમી ધરાવતા દેશમાં કરોડો પરિવાર આર્થિક સંકડામણમાં

## એક તરફ શેરબજાર અને સોનાનાં ભાવમાં તેજી બીજી તરફ પારિવારિક દેવામાં ધરખમ વધારો

### કરોડો પરિવારોની બચત ૩ વર્ષનાં તળીયે પહોંચી જતાં ચિંતા

મુંબઈ, તા. ૧૦

વિશ્વનાં પાંચમાં નંબરના અર્થતંત્ર તરીકે નામના મેળવનાર ભારતના કરોડો પરિવારનાં ઘરેલું અર્થતંત્ર 'જોખમી' સ્થિતિમાં છે. આ ચેતવણી રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ આપી છે અને તેમાં જણાવ્યું છે કે ભારતીય પરિવારો તેની રોજિંદા વપરાશ ઉપરાંત અન્ય ઉપભોગની જરૂરિયાતો પુરી કરવા પણ હવે મોટા પાયે દેવું કરે છે જેના કારણે દેશના પરિવારોની નેટ–હાઉસહોલ્ડ બચત જેને ઘરેલું બચત તરીકે ઓળખવામાં આવે છે તે ઘટવા લાગી છે અને તેનાથી પરિવારની નાણાકીય સંતુલીત સ્થિતિ સામે જોખમ પણ સર્જાઈ શકે છે. રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા છેલ્લા બે વર્ષથી દેશમાં બેન્કીંગ અને નો બેન્કીંગ ચેનલ મારફત જે રીતે પર્સનલ લોનનું પ્રમાણ વધી રહ્યું છે તેના પર ચેતવણી આપવા સાથે આ પ્રકારના ધિરાણને નિયંત્રીત કરવાના પ્રયાસો કરે છે તેના મુળ માં આ અનસિકયોર્ડ ધિરાણ જેની સામે કોઈ મોર્ટગેજ નથી તે ડૂબવાના એટલે કે એનપીએ થવાના વધતા દર પર મધ્યસ્થ બેન્કની ચિંતા દર્શાવે છે તો સાથે સાથે લોકોનું જીડીપીની દ્રષ્ટિએ નેટ ફાઈનાન્સીયલ સેવિંગ્સ–લોકોની ચોખ્ખી બચત ૫% જેવી નીચી ગઈ હોવાથી પણ ચિંતિત છે. ઘરેલું કર્જ જીડીપીના ૪૦% જેટલું ઉંચુ ગયું છે અને બચત ૫% નીચે ગઈ છે. પર્સનલ લોનમાં પર્સનલ લોનનું સૌથી વધુ પ્રમાણ છે. ત્યારબાદ કૃષિ અને બિઝનેસ લોન આવે છે. ૨૦૨૨–૨૩માં ફિઝીકલ સેવિંગ્સ ૧૦ વર્ષના ટોપ પર પણ કુલ ઘરેલું બચત જીડીપીના છ વર્ષના સૌથી નીચા ૧૮.૪% પર આવી ગયું છે અને દેશની ગ્રોસ ડોમેસ્ટીક સેવિંગ્સ પણ જે ૨૦૧૩–૧૪માં ૩૧–૩૨% પર હતી તે હવે ૩૦% પર આવી ગઈ છે.

૨૦૨૨/૨૩માં પરિવારોમાં વાર્ષિક ઉધારી દેવા જે જીડીપીના ૫.૮% થયું છે જે અત્યાર સુધીની બીજી સૌથી ઉંચી સપાટી પર છે. રિઝર્વ બેન્કનાં આંકડા કહે છે કે ૨૦૨૩માં પરિવારની ચોખ્ખી બચત પાંચ દશકાના સૌથી નીચા જીડીપીના ૫.૧% પર આવી છે જે ૨૦૨૨ માં ૭.૨% હતી. રિઝર્વ બેન્કે પર્સનલ લોનની મોંઘી બનાવી છતાં પણ તેની ડિમાન્ડ યથાવત છે. સોનાના ભાવ વધતા તેની સામેનું ધિરાણ પણ વધ્યું છે અને જે રીતે એસયુવીની રૂા. ૧ કરોડના ફલેટ ખરીદાય છે તેમાં ધિરાણનું પ્રમાણ ૭૦% છે. સંપત્તિમાં ધિરાણ સ્વીકાર્ય બને પણ લકઝરી ખર્ચ માટે જે દેવા થાય છે તે લાંબાગાળે મુશ્કેલી સર્જી શકે છે.

---

### દર્દીનારાયણ ખાનગી મેડિકલ સ્ટોરમાં જવા મજબૂર

## બાબરાનાં સરકારી દવાખાનામાં બ્લડ પ્રેશરની દવાનો જથ્થો ઘણા સમયથી નથી

### કોંગી અગ્રણીએ આરોગ્ય વિભાગને પત્ર પાઠવ્યો

બાબરા, તા. ૧૦

બાબરા સરકારી દવાખાનામાં બ્લડ પ્રેશરની દવાનો સ્ટોક ખલાસ. દોઢ બે મહિનાથી દવા નહિ મળતા દર્દીઓને ભારે હાલાકી ના છૂટકે ખાનગી મેડીકલમાંથી દવા લેવાની ફરજ પડી રહી છે. તાલુકા કોંગ્રેસના મહામંત્રી બાવાલાલ હિરપરા દ્વારા રાજયના આરોગ્ય વિભાગને પત્ર પાઠવી સરકારી દવાખાનામાં બીપી સહિત અન્ય રોગોની દવાનો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી છે.

આ બાબતે બાબરા સિવિલ અધિક્ષક ડો. સાકીર વ્હોરાએ જણાવ્યું હતું કે, પાછલા ઘણા સમયથી બીપીની દવા તેમજ અન્ય દુઃખાવાની દવા પણ ખૂટી ગઈ છે વડી કચેરીએ જાણ કરવામાં આવી છે અને દવા મંગાવવા આવી છે પણ હજુ સુધી આવી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, બાબરા શહેરમાં રેગ્યુલર બીપીના દર્દીઓને દવાની જરૂર પડતી હોય છે પણ અહીં દવા નહિ હોવાથી ના છૂટકે ડોકટર દ્વારા બહારની દવા લખી આપે છે જે સામાન્ય દર્દીઓને પરવડે તેમ નહિ હોવા છતાં લેવા માટેની ફરજ પડે છે.

તાલુકા કોંગ્રેસના મહામંત્રી હિરપરાભાઈએ ઉગ્ર રોષ સાથે જણાવ્યું હતું કે, અહીં સરકારી દવાખાનામાં પૂરતા તબીબો નથી હવે દવા પણ અપૂરતી મળી રહી છે. ત્યારે રાજય સરકાર દ્વારા લોક હિત માટે તાત્કાલિક અસરથી દવાનો સ્ટોક ફાળવે તે જરૂરી છે.

## નાગરિક ઉડ્ડયન વિભાગ દ્વારા પ્રસિધ્ધ થયેલ એક ફતવાથી

# અમરેલીનાં બાંધકામ ઉદ્યોગનાં વિકાસમાં અવરોધ

**અમરેલીની હવાઈપટ્ટીની ૨૦ કિ.મી. ત્રિજ્યામાં બાંધકામ કરવા માટે નાગરિક ઉડ્ડયન વિભાગની મંજૂરી જરૂરી**

**મંદી, મોંઘવારી અને બેરોજગારીનો માર સહન કરતી જનતાને વધુ એક ફટકો પડતા દેકારો**

**બિલ્ડર એસોસીએશન દ્વારા કલેકટરને આવેદનપત્ર પાઠવીને ૧૫ મીટર સુધી ઊંચાઈનાં બાંધકામને છૂટ આપવા માંગ**

**અમરેલી જિલ્લાની જનતાને વધુ એક અન્યાય લોકસભાની ચૂંટણીનાં માહોલમાં થતાં નારાજગી ઉભી થઈ**

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લાને આઝાદીનાંઅમૃતકાળમાંપણવિકાસનાં ફળચાખવામળતાનથી.જિલ્લામાંઆજે માળખાકિયસુવિધાઓનોઅભાવજોવા મળી રહ્યો છે. સરકારી શિક્ષણ અને આરોગ્ય સેવા કંગાળ હાલતમાં છે. ઉદ્યોગોનો કોઈ વિકાસ થતો નથી જિલ્લાની ૧૫ લાખ જનતા મંદી, બેરોજગારી જેવી સમસ્યાથી કંટાળીને મહાનગરતરફસ્થળાંતર કરવામજબૂર બની છે અને સત્તા પક્ષનાં આગેવાનો જનતાને વિકાસ દેખાય તેવા ચશ્મા પહેરાવીનેવાહવાહીકરીરહીછે.

દરમિયાનમાં ગુજરાત નાગરિક ઉડ્ડયન વિભાગે એક ફતવો બહારપાડયોકેઅમરેલીનીહવાઈપટ્ટીની ૨૦ કિ.મી. ની ત્રિજ્યામાં કોઈપણ પ્રકારનુંબાંધકામ કરવુંહોયતોનાગરિક ઉડ્ડયનવિભાગનીમંજૂરીજરૂરીછે.આ ફતવાથી અમરેલી આસપાસનાં ૨૦ કિ.મી. વિસ્તારમાં બાંધકામ કરવાનાં કાર્યમાંઅવરોધઉભોથશેઅનેબાંધકામ ઉદ્યોગ સાથે સંકળાયેલ હજારો પરિવારોની રોજગારીને સીધી અસર થશે.

અમરેલીમાં બાંધકામ વ્યવસાયસાથેજોડાયેલપ્રતિનિધિઓએ કલેકટરને આવેદનપત્ર પાઠવીને ૧૫ મીટરની ઊંચાઈ સુધીનાં તમામ બાંધકામને મંજૂરીમાંથી મુકિત આપવાનીમાંગકરીછે.

લોકસભાની ચૂંટણી નજીકમાં હોય તેવા જ સમયે રાજય સરકારનાં એક વિભાગનાં ફતવાથી સત્તા પક્ષનાં આગેવાનો બચાવની સ્થિતિમાંઆવીગયાછે.

## કોઈ અગમ્ય કારણોસર પગલુ ભર્યું

# અમરેલીનાં ચાંદગઢ ગામે રહેતાં યુવકે ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

**વૃક્ષની ડાળી સાથે દોરડુ બાંધી અંતિમવાટ પકડી**

અમરેલી, તા. ૧૦, અમરેલી તાલુકાના ચાંદગઢ ગામે રહેતા જયપાલભાઈ ભરતભાઈ ખુમાણ નામનાં ૨૪ વર્ષિય યુવકે ગતતા. ૮નાસાંજના૭.૩૦વાગ્યે કોઈ અગમ્ય કારણોસર ચાંદગઢ ગામે રહેતા દીલુભાઈ નનકુભાઈ ખુમાણના ખેતરમાં શેઢે આવેલ વડના ઝાડની ડાળી સાથે દોરડુ બાંધી ગળાફાંસો ખાઈ મરણ પામ્યાનુંપોલીસમાંજાહેરથવાપામેલછે.

## ચેક રીર્ટન કેસમાં ચુકાદો જાહેર

# અમરેલી નાગરિક બેન્કનાં બાકીદાર દિપકભાઈ ડાભીને ૨ વર્ષની સાદી કેદ

**ચેક મુજબની રકમ ૯૮૫૯૪ વ્યાજ સહિત ચુકવવા આદેશ**

અમરેલી, તા. ૧૦

અમરેલી નાગરિક બેંકના બાકીદારને ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ એન.જે. નાયી દ્વારા એક વર્ષની સાદી કેદ અને ચેક મુજબની રકમ વ્યાજ સહિત ચુકવવા આદેશ કરવામાં આવેલ છે. વિગત એવા પ્રકારની છે કે અમરેલી નાગરિક બેંકમાંથી દિપકભાઈ ડાભી રહે. એરપોર્ટ પાછળ અમરેલી એ એક લાખની લોન લઈ નિયત સમયે પરત ન કરતાં બેંકના રીકવરી અધિકારી અભય નાકરાણીએ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ૧૮૮૧ મુજબની કલમ–૧૩૮, ૧૪૨ મુજબ કેસ કરતાં કોર્ટ દ્વારા બાકીદારને બે વર્ષની સાદી કેદ અને બાકી રકમ વ્યાજ સહિત ચુકવવા આદેશ કરવામાં આવેલ છે.

## અગાઉનાં સિકયુરીટી ગાર્ડ દ્વારા

# અમરેલીની સમ્યક હોસ્પિટલનાં સિકયુરીટી ગાર્ડને મારી નાખવાની ધમકી

અમરેલી, તા. ૧૦

અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામે રહેતા તખુભાઈ ભીખુભાઈવાળાએએકાદમહિનાપહેલા સમ્યક હોસ્પિટલમાં સિક્યુરિટી સુપરવિઝનનુંકામસંભાળતાહોયપરંતુ તેનાઆસુપરવિઝનમેન્ટેનન્સબરાબર ન હોય જેથી આ કામ છોડી દીધેલ હોય ત્યારબાદમોટાલીલીયા, નાવલીબજાર સામે રહેતા દેવેન્દ્રભાઈ ભુપતભાઈ ભારદીયા નામનાં ૩૨ વર્ષિય યુવકે સિક્યુરિટીનો કોન્ટ્રાક્ટ બીજાને સોંપી દીધેલ હોય, તે વાતનું મનદુઃખ રાખી તા.૯ના રોજ આરોપી તખુભાઈ ભીખુભાઈ વાળાએ હોસ્પિટલ ખાતે આવીગાળોબોલીઆરોપીજયરાજભાઈ જેઠુરભાઈ વાળાએ યુવકને છરી બતાવી જાનથીમારીનાખવાનીધમકીઆપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

## ખાંભાના પીપળવા, ભાણીયા, ટીંબરવા, કોઠારીયા, બોરાળા સહિતનાં વિસ્તારોમાં

# અરે વાહ : આકરા તાપમાં વન્ય પ્રાણીઓ માટે વન વિભાગે પીવાનાં પાણી માટેનાં પોઈન્ટ શરૂ કર્યા

**સોલાર આધારિત ૧૩, માનવબળ ૩૬, ટેન્કર ૫, કુદરતી ૨૮ પોઈન્ટ ભરાયા**



તસ્વીર : ભાવીક કળસરીયા–ખાંભા

ખાંભા, તા. ૧૦

હાલમાંઅંગદઝાતીગરમી પડી રહી છે ત્યારે કાળઝાળ ગરમીના કારણે પાણી ની સમસ્યા સર્જાઈ શકે છે એમાં પણ ખાસ કરીને જંગલમાં રહેતા વન્ય પ્રાણીઓ માટે પીવાના પાણીની જરૂરિયાત વધી જાય છે ત્યારે ગીરના જંગલોમાં ઉનાળાની ઋતુ દરમિયાન વન્યજીવોને પૂરતા પ્રમાણમાં પાણીમાં મળી રહે તે માટે નાયબ વન રક્ષક રાજદિપસિંહઝાલાતથામનીષઓડેદરા ઉનાના માર્ગદર્શનથી વન વિભાગ દ્વારા પૂરતી સુવિધા ઉપલબ્ધ કરાય છે આમાં કુદરતી પાણીના પાન તો છે જ ઉપરાંત કુત્રિમ પાણીના પોઈન્ટ ઊભા કરવામાં આવે છે જેનાદ્વારાવન્યપ્રાણીઓનેપાણી પૂઢં પાડવામાં આવી રહ્યું છે.

આ અંગે આર એ ફઓ રાજલબેન પાઠક દ્વારા જણાવ્યું હતું કે પીવાના પાણીની વાત કરીએ તો ઉનાળા દરમિયાન મોટાભાગના જળસંગ્રહ વિસ્તારો અનેમૌસમી પ્રવાહના વિસ્તારો સુકાઈ જાય છે ત્યારે પાણી ભરેલા ખાડા જેને સ્થાનિક ભાષામાં ઘુના કહેવાય છે તેમાં પાણીની બચત રહેશે દરમિયાન ગીરનાજંગલનીડેનેસપેટર્નઅનેટેરેનના કારણે કુદરતી પાણીના સ્ત્રોતનું વિતરણ ઓસમાનબનીજાયછે જેથી ખાસ કરીને ખાંભાગીરનાજંગલોમાં૭રાઉન્ડમાંઅને પાણીના વ્યવસ્થાપન કરવું જરૂરી બની ગયુંહતુંતેનેલઈ. બધા પોઈન્ટ આરક્ષિત જંગલ અને અભયારણ્યમાં આવેલ છે જંગલમાં કુલ ૮૨ પાણીના પોઈન્ટ આવેલા છે તેમાં કુદરતી ૨૮ સોલાર ૧૩ માનવબળ ૩૬ ટેન્કર ૫ વિવિધ માધ્યમથી ભરવામાં આવે છે તેને લઈ વન્ય પ્રાણીઓ પોતાની તરસ છીપાવી શકે છે.




ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


















### પાર્ટીએ સંજય ટંડનને પોતાના ઉમેદવાર બનાવ્યા

# ભાજપે વધુ એક યાદી જાહેર કરી, ચંદીગઢથી કિરણ ખેરની કપાઈ ટિકિટ

### રીટા બહુગુણા જોશીની ટિકિટ રદ કરીને અલ્હાબાદ બેઠક પરથી નીરજ ત્રિપાઠીને ઉમેદવાર બનાવાયા : યુપીની મૈનપુરી સીટથી જયવીર સિંહ ઠાકુર

નવી દિલ્હી, તા.૧૦

ભારતીય જનતા પાર્ટીએ લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ઉમેદવારોની ૧૦મી લિસ્ટ જાહેર કરી દીધી છે. તેમાં ૯ ઉમેદવારોના નામ સામેલ છે. રસપ્રદ વાત એ છે કે ભાજપે આસનસોલ સીટ પર નવો ઉમેદવાર ઉતાર્યો છે. પહેલા આ સીટ પરથી ભોજપુરી ફિલ્મના સુપરસ્ટાર પવન સિંહને ટિકિટ આપવામાં આવી હતી, પરંતુ તેમણે ચૂંટણી લડવાથી ઈનકાર કરી દીધો હતો. હવે તેની જ્ગ્યાએ એસએસ આહલૂવાલિયાને ટિકિટ આપવામાં આવી છે. આ ઉપરાંત ચંદીગઢથી કિરણ ખેર અને પ્રયાગરાજથી રીટા બહુગુણા જોશીનું પત્તુ આ વખતે કપાઈ ગયું છે. આ સીટો પર બીજેપીએ નવા ઉમેદવારો ઉતાર્યા છે. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ તથા મુખ્યાલય પ્રભારી અરુણ સિંહે બીજેપી ઉમેદવારોની ૧૦મી લિસ્ટ જાહેર કરી છે. ચંદીગઢથી વર્તમાન સાંસદ કિરણ ખેરની ટિકિટ આ વખતે કપાઈ ગઈ છે. તેના સ્થાને ભાજપે સંજય ટંડનને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. આ ઉપરાંત અલ્હાબાદ લોકસભા સીટ માટે પણ બીજેપીએ આ વખતે ઉમેદવારો બદલી નાંખ્યા છે. રીટા બહુગુણા જોશી અહીંથી બીજેપીની વર્તમાન સાંસદ છે પરંતુ ભાજપે આ વખતે નીરજ ત્રિપાઠીને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. જણાવી દઈએ કે, અલ્હાબાદ લોકસભા સીટની ગણતરી હંમેશા વીવીઆઈપી સંસદીય ક્ષેત્રોમાં થાય છે. આ લોકસભા સીટે દેશને ઘણા પ્રધાનમંત્રી આપ્યા છે. પશ્ચિમ બંગાળની આસનસોલ લોકસભા સીટ પર બધાની નજર હતી. ભાજપે પહેલા અહીંથી ભોજપુરી ફિલ્મોના સુપરસ્ટાર પવન સિંહને પોતાનો ઉમેદવાર બનાવવાની ઘોષણા કરી હતી, પરંતુ પવન સિંહે ચૂંટણી લડવાથી જ ઈનકાર કરી દીધો હતો. તેવામાં ભાજપે આ સીટ પરથી ઉમેદવાર બદલવો પડ્યો. બીજેપી તરફથી જાહેર કરવામાં આવેલી ૧૦મી લિસ્ટમાં એસએસ આહલૂવાલિયાને આસનસોલ લોકસભા સીટ પરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.ભાજપે ઉમેદવારોની ૧૦મી લિસ્ટમાં ઉત્તર પ્રદેશની ૭ લોકસભા સીટ માટે ઉમેદવારો જાહેર કર્યા છે. બલિયા સીટથી નીરજ શેખર, મછલીશહરથી બીપી સરોજ, ગાઝીપુરથી પારસનાથ રાય, મૈનપુરીથી જયવીર સિંહ ઠાકુર, કૌશામ્બી, વિનોદ સોનકર, ફૂલપુરથી પ્રવીણ પટેલ અને અલ્હાબાદથી નીરજ ત્રિપાઠીને ટિકિટ આપવામાં આવી છે. જણાવી દઈએ કે મનોજ સિન્હા ગત લોકસભા ચૂંટણીમાં ગાઝીપુરથી ભાજપના ઉમેદવાર હતા. જ્યારે રીટા બહુગુણા જોશી અલ્હાબાદથી ભાજપના વર્તમાન સાંસદ છે.

#### ભાજપે કોને ક્યાંથી આપી ટિકિટ

| | |
|---|---|
| ચંદીગઢ | સંજય ટંડન |
| મૈનપુરી | જયવીર સિંહ ઠાકુર |
| કૌશામ્બ | વિનોદ સોનકર |
| ફુલપુ | પ્રવીણ પટેલ |
| અલ્હાબાદ | નીરજ ત્રિપાઠી |
| બલિયા | નીરજ શેખર |
| મચલીનગર | બી.પી. સરોજ |
| ગાઝીપુર | પારસનાથ રાય |
| આસનસોલ | એસ એસ આહલુવાલિયા |

### ફીર એક બાર મોદી સરકારના નારા ગુંજ્યા

# સંબલપુરમાં ધર્મેન્દ્ર પ્રધાનના રોડ શોમાં લોકો ઉમટી પડ્યા

### ઓડિશાના સંબલપુરમાં જાહેર સભા પહેલા ભાજપના વરિષ્ઠ નેતા ધર્મેન્દ્ર પ્રધાને કુંચિંડામાં ભવ્ય રોડ શો યોજ્યો

સંબલપુર, તા.૧૦

ઓડિશાના સંબલપુર સંસદીય ક્ષેત્રથી ભાજપની ટિકિટ પર લોકસભા ચૂંટણી લડી રહેલા કેન્દ્રીય મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા ધર્મેન્દ્ર પ્રધાન ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે. સંબલપુર સંસદીય ક્ષેત્રમાં આવતા કુચિંડામાં ધર્મેન્દ્ર પ્રધાનનો આજે મેગા રોડ શો યોજાયો હતો. આ રોડ શોમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો અને સમર્થકો ઉમટ્યા હતા. રોડ શો દરમિયાન વડાપ્રધાન મોદી, ભાજપ અને ધર્મેન્દ્ર પ્રધાન તરફી સતત નારાઓ લગાવવામાં આવ્યા હતા.

ઓડિશાના સંબલપુર સંસદિય ક્ષેત્રના કુચિંડામાં રોડ શો દરમિયાન મોટી સંખ્યામાં ભાજપના સમર્થકો ઉમટ્યા હતા. ધર્મેન્દ્ર પ્રધાનના કાફલા સાથે ભાજપના કાર્યકરો અને સ્થાનિક રહીશો દૂર દૂર સુધી જોવા મળ્યા હતા. આ દરમિયાન લોકો રોડ શોના માર્ગ પર ઉપસ્થિત કાર્યકરો અને સ્થાનિક રહીશોએ ફિર એક બાર મોદી સરકારના જોરજોરથી નારા લગાવ્યા હતા.

ધર્મેન્દ્ર પ્રધાનના રોડ શોમાં તમામ ઉંમરના લોકો જોવા મળ્યા હતા. તેમના રોડ શો દરમિયાન નોંધપાત્ર સંખ્યામાં સંખ્યામાં મહિલાઓ પણ જોડાઈ હતી. ધર્મેન્દ્ર પ્રધાન આ દરમિયાન ઘણા લોકોને રૂબરુ મળ્યા હતા. ધર્મેન્દ્ર પ્રધાને સમર્થન અને પ્રેમ આપવા બદલ સૌનો આભાર માન્યો હતો.

ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે, વિકસિત ભારત, વિકસિત ઓડિશા અમારું સૂત્ર છે. તેમણે કહ્યું કે, આ વિકાસ એ વાતનો પુરાવો છે કે સામાન્ય લોકોમાં ભાજપ માટે ભારે સમર્થન અને ઉત્સાહ છે.

તેમણે સંબલપુરમાં જાહેર સભા દરમિયાન સિંધી સમુદાયની ભાગીદારી બદલ આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું: ચેટિચંદ ઉત્સવમાં ભાગ લેવો મારા માટે ખૂબ જ ગર્વની વાત છે. હું મારા મિત્રોનો, તેમના પ્રેમ અને આશીર્વાદ માટે આભારી છું. મારી ઈચ્છા છે કે સંબલપુરના મારા સિંધી ભાઈ-બહેનો મોદી સરકાર દ્વારા વિકસિત સંબલપુર અને વિકસિત ઓડિશાના વિઝનને સમર્થન અને સાથ આપતા રહે.

### અરવિંદ કેજરીવાલને લાગ્યો મોટો ઝટકો

# દિલ્હી સરકારના મંત્રી રાજકુમાર આનંદે રાજીનામું આપી દીધું

### રાજકુમારે આમ આદમી પાર્ટી પર ભ્રષ્ટાચાર અને પાર્ટીમાં દલિતોને પૂરતું પ્રતિનિધિત્વ ન મળવાનો આરોપ લગાવ્યો

નવી દિલ્હી, તા.૧૦

મુશ્કેલીઓથી ઘેરાયેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને એક બાદ એક મોટા ઝટકાઓનો સામનો કરવો પડી રહ્યો છે. અરવિંદ કેજરીવાલને મોટો ઝટકો આપતા દિલ્હી સરકારના મંત્રી રાજકુમાર આનંદે બુધવારે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમણે પાર્ટીમાંથી પણ રાજીનામું આપી દીધું હતું.

આ દરમિયાન રાજકુમારે આમ આદમી પાર્ટી પર ભ્રષ્ટાચાર અને પાર્ટીમાં દલિતોને પૂરતું પ્રતિનિધિત્વ ન મળવાનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, આમ આદમી પાર્ટીનો જન્મ ભ્રષ્ટાચાર વિરુદ્ધના આંદોલનમાંથી થયો હતો, પરંતુ આજે પાર્ટી પોતે જ ભ્રષ્ટાચારની દલદલમાં ફસાઈ ગઈ છે. આ સરકારમાં મંત્રી તરીકે કામ કરવું મારા માટે અસહજ બની ગયું છે.

તેમણે કહ્યું કે હું આ પાર્ટી, સરકાર અને મંત્રી પદ પરથી રાજીનામું આપું છું. કારણ કે હું નથી ઈચ્છતો કે મારું નામ ભ્રષ્ટાચાર સાથે જોડાય. તમને જણાવી દઈએ કે તેઓ દિલ્હીમાં સમાજ કલ્યાણ મંત્રાલય સંભાળતા હતા. તાજેતરમાં જ ઈડીએ રાજકુમાર આનંદના ઘરે દરોડા પાડ્યા હતા. ગયા વર્ષે નવેમ્બરમાં ઈડીની ટીમ રાજકુમાર આનંદના ઘરે દરોડા પાડવા પહોંચી હતી. ઈડીએ તેના સાથે સંબંધિત એક ડઝનથી વધુ જગ્યાઓ પર દરોડા પાડ્યા હતા.

દિલ્હીની લિકર પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરાયેલા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની અરજી પર (મંગળવાર, ૯ એપ્રિલ, ૨૦૨૪) હાઈકોર્ટે પોતાનો ચુકાદો આપ્યો હતો. સીએમ કેજરીવાલે ધરપકડને પડકારતી અરજી કોર્ટમાં કરી હતી. દિલ્હી હાઈકોર્ટે એક્સાઈઝ પોલિસી મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા તેમની ધરપકડને પડકારતી સીએમ અરવિંદ કેજરીવાલની અરજીને ફગાવી દીધી હતી. ED પાસે પૂરતી સામગ્રી હતી જેના કારણે તેમને કેજરીવાલની ધરપકડ કરવામાં આવી હતી. કેજરીવાલ દ્વારા તપાસમાં ન જોડાવું, તેના કારણે વિલંબથી ન્યાયિક કસ્ટડીમાં રહેલા લોકો પર પણ અસર પડી રહી છે, એમ દિલ્હી હાઈકોર્ટે જણાવ્યું હતું.

### તમિલનાડુ પહોંચેલા મોદીના વિપક્ષ પર આકરા પ્રહાર

# DMK અને I.N.D.I.A. ગઠબંધન વાળા મહિલાઓનું અપમાન કરે છે

### તમિલનાડુ શક્તિની ઉપાસના કરનારાની ધરતી છે I.N.D.I.A. ગઠબંધન વાળા શક્તિનું અપમાન કરે છે : મોદી

વેલ્લોર, તા.૧૦

લોકસભા ચૂંટીણી ૨૦૨૪નું રણશિંગુ ફૂંકાઈ ચૂંક્યુ છે. તમામ પક્ષો જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે અને આ દરમિયાન તેઓ એકબીજા પર પ્રહાર પણ કરી રહ્યા છે. ત્યારે હવે લોકસભા ચૂંટણી માટે પ્રચાર કરવા તમિલનાડુ પહોંચેલા પીએમ મોદીએ વિપક્ષ પર આકરા પ્રહાર કર્યા છે. વડાપ્રધાન મોદીએ આજે કોંગ્રેસ અને તેની સહયોગી તમિલનાડુમાં સત્તારુઢ પાર્ટી DMK પર કચ્ચાથિવુ અને શક્તિ વાળી ટિપ્પણીઓ પર આકરા પ્રહાર કર્યા હતા. પીએમ મોદીએ કોંગ્રેસ પર કટાક્ષ કરતા કહ્યું કે, કોંગ્રેસના યુવરાજ (રાહુલ ગાંધી) શક્તિનું અપમાન કરે છે અને તેમણે શક્તિના વિનાશની વાત કરી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વેલ્લોરમાં એક જનસભાને સંબોધિત કરતા કહ્યું કે, મારા મનમાં વેલ્લોર માટે હંમેશાથી શ્રદ્ધા રહી છે. તમિલનાડુ શક્તિની ઉપાસના કરનારાની ધરતી છે. I.N.D.I.A. ગઠબંધન વાળા શક્તિનું અપમાન કરે છે, કોંગ્રેસના યુવરાજે શક્તિના વિનાશના વાત કહી છે. આ લોકો રામ મંદિરનો બહિષ્કાર કરે છે. તેમણે કહ્યું કે, DMK અને I.N.D.I.A. ગઠબંધન વાળા મહિલાઓનું અપમાન કરે છે. તમે અમને આપેલો આશીર્વાદ સનાતનની રક્ષા કરશે અને મહિલાઓનું સમ્માન વધારશે. પીએમ મોદીએ કહ્યું કે, ડ્રગ્સએ તમિલનાડુ અને દેશનું ભવિષ્ય બાળકોને પણ નથી છોડ્યા. સ્કૂલના બાળકો પણ ડ્રગ્સનો શિકાર બની ચૂક્યા છે. જે વ્યક્તિની ધરપકડ કરવામાં આવી તેનો DMK પરિવાર સાથે સબંધ છે. DMK પાર્ટીની રાજનીતિ ડિવાઈડ એન્ડ રુલ પર આધારિત છે. આ લોકો પરસ્પર એકબીજાની લડાઈ કરાવે છે. મેં પણ નક્કી કર્યું છે કે, ડ્રગ્સના આ ખતરનાક પોલિટિક્સને એક્સપોઝ કરીને જ રહીશ. પીએમ મોદીએ આગળ કહ્યું કે કોંગ્રેસ અને DMKના વધુ એક પાખંડની ચર્ચા થઈ રહી છે. જ્યારે કોંગ્રેસ સત્તામાં હતી ત્યારે કચ્ચાથિવુ ટાપુ શ્રીલંકાને આપી દેવામાં આવ્યો હતો. કઈ કેબિનેટમાં ચર્ચા થઈ અને કોના ફાયદા માટે આ નિર્ણય લેવામાં આવ્યો તે અંગે કોંગ્રેસ મૌન છે. થોડા દિવસો પહેલા અમારા માછીમારો ત્યાં પકડી લેવામાં આવ્યા હતા. આ મુદ્દે કોંગ્રેસ મૌન રહી. કોંગ્રેસ જનતાને સત્ય નથી કહેતી. અમારી સરકાર તે માછીમારોને પરત લાવી. શ્રીલંકામાં ૫ માછીમારોને મોતની સજા ફટકારવામાં આવી. અમે તેમને પણ પાછા લાવ્યા. ડ્રગ્સ માત્ર માછીમારોની દુશ્મન નથી પણ તમિલનાડુની પણ દુશ્મન છે.

### સરકારના પ્રોજેક્ટથી લોકોને થશે ફાયદો

# રોડ એક્સીડેન્ટમાં ઘાયલોને મળશે ૧.૫ લાખ રૂપિયા સુધીની મફત સારવાર

### સરકારની આ યોજના હાલ પાયલોટ પ્રોજેક્ટ તરીકે ચંદિગઢ સહિત દેશના કેટલાક ભાગોમાં ચાલી રહી છે

નવી દિલ્હી, તા.૧૦

જરા વિચારો, તમે રસ્તા પર જઈ રહ્યા છો અને અચાનક તમે કોઈ ઘાયલ અથવા ઈજાગ્રસ્ત વ્યક્તિને જોશો, જેની આસપાસ ભીડ એકઠી થઈ ગઈ છે પરંતુ કોઈ તેની મદદ કરી રહ્યું નથી. જો તમે પણ મદદ કરવામાં સંકોચ અનુભવો છો, એ વિચારીને કે જો હોસ્પિટલમાં લઈ જવામાં આવે તો સારવારનો ખર્ચ કોણ ઉઠાવશે, તો તમને જણાવી દઈએ કે સરકાર માર્ગ અકસ્માતમાં ઘાયલ લોકોને ૧.૫ લાખ રૂપિયા સુધીની કેશલેસ સારવાર મફત આપે છે. આ સુવિધા તમને ક્યારેક ઉપયોગી થઈ શકે છે. ચાલો તેના વિશે જાણીએપ.

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે તાજેતરમાં એક પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. માર્ગ અકસ્માતમાં ઘાયલોને સમયસર સારવાર મળી શકે અને તેમનો જીવ બચાવી શકાય તે માટે સરકારે આ પ્રોજેક્ટ શરૂ કર્યો છે.

જો કોઈ વ્યક્તિ કોઈપણ પ્રકારના મોટર વાહનથી ઘાયલ થયા પછી હોસ્પિટલ પહોંચે છે, તો આ પ્રોજેક્ટ હેઠળ તેને ૧.૫ લાખ રૂપિયા સુધીની કેશલેસ સારવાર મફતમાં મળશે. આ યોજના હેઠળ, વ્યક્તિને વધુમાં વધુ ૭ દિવસ સુધી સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરી શકાય છે.

આ સારવાર પાછળ ખર્ચવામાં આવેલા પૈસા સરકાર સીધા હોસ્પિટલને ચૂકવશે. બસ આ માટે હોસ્પિટલોએ રિએમ્બર્સમેન્ટ બિલ રજૂ કરવા પડશે. જો કે, હાલમાં આ યોજના ચંદીગઢ સહિત દેશના કેટલાક ભાગોમાં પાયલોટ પ્રોજેક્ટ હેઠળ ચાલી રહી છે. ટૂંક સમયમાં તેને સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવી શકે છે.

આ યોજના માટે સરકાર પાસે પૈસાની કમી નહીં હોય, કારણ કે આ ભંડોળ 'મોટર વ્હીકલ એક્સિડન્ટ ફંડ'માંથી આપવામાં આવશે. આ યોજનાનો લાભ દરેક પ્રકારના માર્ગ અકસ્માતમાં મળશે જેમાં મોટર વાહન સામેલ છે. નેશનલ હેલ્થ ઓથોરિટી આ યોજનાને લાગુ કરવા માટે કામ કરશે. હાલમાં તે પાયલોટ પ્રોજેક્ટ હેઠળ તેનો અમલ કરી રહી છે. આ યોજનાના અમલીકરણ માટે પોલીસ, હોસ્પિટલ અને રાજ્યની આરોગ્ય એજન્સીઓ વચ્ચે સંકલન સાધવામાં આવ્યું છે.

### કોલકાતા હાઈકોર્ટે મામલામાં આદેશ આપ્યો

# સંદેશખાલીમાં મહિલાઓના શોષણની તપાસ CBI કરશે

### કોલકાતાના સંદેશખાલીમાં EDના અધિકારીઓ પર થયેલા હુમલાની પણ CBI દ્વારા તપાસ કરવામાં આવી રહી છે

સંદેશખાલી, તા.૧૦

પશ્ચિમ બંગાળમાં સંદેશખાલીની ઘટનાને લઈને ભારે હોબાળો થયો હતો. હવે કોલકાતા હાઈકોર્ટે સંદેશખાલીમાં મહિલાઓના જાતીય શોષણ અને જમીન પચાવી પાડવાના આરોપોની તપાસ સીબીઆઈને સોંપવાનો આદેશ આપ્યો છે. સંદેશખાલીમાં EDના અધિકારીઓ પર થયેલા હુમલાની પણ CBI દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

બુધવારે પોતાના આદેશમાં કોલકત્તા હાઈકોર્ટે કોર્ટની દેખરેખ હેઠળ સંદેશખાલીમાં મહિલાઓ વિરુદ્ધ ગુનાઓ અને જમીન પચાવી કરવાના આરોપોની સીબીઆઈ તપાસનો આદેશ આપ્યો હતો. ગત ગુરુવારે હાઈકોર્ટે સંદેશખાલીની ઘટનાઓને લઈને રાજ્ય સરકારને ફટકાર લગાવી હતી. સંદેશખાલીમાં હિંસા વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અરજીઓ પર સુનાવણી કરતા કોર્ટે કહ્યું કે આ મામલો ખૂબ જ શરમજનક છે. દરેક નાગરિકને સુરક્ષા આપવાની જવાબદારી રાજ્ય સરકારની છે. કોર્ટે કહ્યું હતું કે સંદેશખાલી કેસમાં જિલ્લા વહીવટીતંત્ર અને પશ્ચિમ બંગાળ સરકાર બંનેએ નૈતિક જવાબદારી લેવી જોઈએ.

સંદેશખાલીની સ્થાનિક મહિલાઓએ આરોપ લગાવ્યો હતો કે સ્થાનિક ટીએમસી નેતાઓએ તેમની જમીન બળજબરીથી કબજે કરી છે. કેટલીક મહિલાઓએ ટીએમસી નેતાઓ પર બળાત્કારના ગંભીર આરોપો પણ લગાવ્યા હતા. આ મુદ્દે બંગાળના રાજકારણમાં હલચલ મચી ગઈ હતી. વાસ્તવમાં સંદેશખાલી કેસમાં મુખ્ય આરોપી ટીએમસી નેતા શાહજહાં શેખ છે. શાહજહાં શેખ પર ઈડી ટીમ પર હુમલો કરવાનો પણ આરોપ છે. આ ઉપરાંત તેનું નામ બંગાળના રાશન કૌભાંડમાં પણ છે. આ જ કારણ છે કે ભાજપે આ મુદ્દે ટીએમસી સરકારને ઘેરી હતી અને સરકાર પર ગુનાહિત તત્વોને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો હતો.

વાસ્તવમાં કોલકાતા હાઈકોર્ટે સંદેશખાલીમાં કથિત બળાત્કાર, મહિલાઓ પર અત્યાચાર અને જમીન પચાવી પાડવાના આરોપોની સીબીઆઈ તપાસનો આદેશ આપ્યો છે. બુધવારે સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું હતું કે સંદેશખાલીમાં કેસની જટિલતાને ધ્યાનમાં રાખીને નિષ્પક્ષ તપાસ થવી જોઈએ તેમાં કોઈ શંકા નથી. કોર્ટે એમ પણ કહ્યું કે રાજ્યની જે પણ એજન્સીને તપાસનો હવાલો આપવામાં આવશે, તેને પણ યોગ્ય સમર્થન આપવું પડશે.

### ભોજપુરી એક્ટર પવન સિંહની મોટી જાહેરાત

# હું ૨૦૨૪ની લોકસભા ચૂંટણી કારાકાટ, બિહારથી લડીશ

### ભાજપે બંગાળના આસનસોલથી ટિકિટ આપી હતી, પરંતુ થોડી વાર પછી તેમણે આસનસોલથી ચૂંટણી ન લડવાની જાહેરાત કરી

નવી દિલ્હી, તા.૧૦

લોકસભા ચૂંટણી ૨૦૨૪ને લઈને ભોજપુરી એક્ટર પવન સિંહે બુધવારે મોટી જાહેરાત કરી. તેમણે 'X' પર માહિતી આપી છે કે, તેઓ કારાકાટથી લોકસભા ચૂંટણી લડશે. પવન સિંહ આ વખતે લોકસભા ચૂંટણીને લઈને પહેલાથી જ ચર્ચામાં હતા. ભાજપે તેમને બંગાળના આસનસોલથી ટિકિટ આપી હતી, પરંતુ થોડી વાર પછી તેમણે આસનસોલથી ચૂંટણી ન લડવાની જાહેરાત કરી હતી.

પવન સિંહે 'X' પર લખ્યું કે, 'માતા ગુરૂતરા ભૂમેરૂ' એટલે માતા આ ભૂમિથી ક્યાંક વધારે ભારે હોય છે અને મેં પોતાની માતાએ વચન આપ્યું હતું કે હું આ વખતે ચૂંટણી લડીશ. મેં નક્કી કર્યું છે કે હું ૨૦૨૪ની લોકસભા ચૂંટણી કારાકાટ, બિહારથી લડીશ. જય માતા દી.

જણાવી દઈએ કે, લોકસભા ચૂંટણીના એલાન પહેલા પવન સિંહ ભાજપમાં સામેલ થયા હતા. અંદાજ લગાવાય રહ્યો હતો કે પવન સિંહ ભાજપની ટિકિટ પર બિહારથી ચૂંટણી લડશે, પરંતુ આસનસોલથી પવન સિંહની ઉમેદવારીના એલાન બાદ તમામ અટકળો પર વિરામ લાગી ગયો. તેનાથી પવન સિંહને લઈને રાજકીય ગરમાવો આવ્યો હતો. તો ટીએમસી નેતા બાબુલ સુપ્રિયો સતત પવન સિંહ પર પ્રહાર કરી રહ્યા હતા. જેના પર પવન સિંહ પણ પલટવાર કરી રહ્યા હતા.

એવું મનાઈ રહ્યું હતું કે, પવન સિંહનો મૂડ બદલાશે તો તેઓ આસનસોલથી ચૂંટણી લડશે, પરંતુ ભાજપે ઉમેદવાર બદલતા હવે આ બેઠકથી એસ.એસ. અહલૂવાલિયાના નામની જાહેરાત કરી છે.

### ખેડૂતોનું દેવુ માફ કરવામાં આવશે : અખિલેશ યાદવ

# સમાજવાદી પાર્ટીનો લોકસભા ચૂંટણી માટે ચૂંટણી ઢંઢેરો જાહેર

### દર મહિને ૫૦૦ રૂપિયા મોબાઈલ ડેટા ફ્રી, નાના ખેડૂતોને ૫૦૦૦ રૂપિયા માસિક પેન્શન આપવામાં આવશે

લખનૌ, તા.૧૦

સમાજવાદી પાર્ટીએ લોકસભા ચૂંટણી માટે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. સપાના ચૂંટણી ઢંઢેરામાં અધિકારોની વાત કરવામાં આવી છે. સામાજિક ન્યાય, લોકતંત્ર બચાવવુ, મીડિયાની આઝાદીનો અધિકાર વગેરે છે. ૨૦૨૫માં જાતિગત વસતી ગણતરી, ૨૦૨૯ સુધી સૌને ન્યાય આપવાનું વચન આપવામાં આવ્યું. સપા પ્રમુખ અખિલેશ યાદવે જણાવ્યું કે ખેડૂતોનું દેવુ માફ કરવામાં આવશે. ખાનગી ક્ષેત્રે તમામ વર્ગોની ભાગીદારી આપશે. દૂધ સહિત તમામ પાકની સ્જીઁ આપશે. કાયદેસર ગેરંટી તરીકે ખેડૂતોને એસપી ખેડૂતો માટે સિંચાઈની મુક્ત વ્યવસ્થા આપશે.

અખિલેશ યાદવે કહ્યું કે મહિલાઓને ૩૩ ટકા અનામત અને મફત શિક્ષણ આપવામાં આવશે. મફત શિક્ષણનો અધિકાર છે. તેમણે જીડીપી ૩ ટકાથી વધારીને ૬ ટકા કરવાનું વચન આપ્યું. આ સાથે તેમણે કર્મચારીઓને જૂની પેન્શન સ્કીમ પણ તમામ વિભાગોમાં ફરીથી લાગુ કરવાનું વચન આપ્યું. તેમણે કહ્યું કે મર્યાદાઓ અસુરક્ષિત થતી જઈ રહી છે. ભારતના અમુક ભાગોમાં મર્યાદાઓ સંકોચાઈ રહી છે. અગ્નિવીર સમજી વિચારેલી રણનીતિ છે. અગ્નિવીર નીતિને સમાપ્ત કરવામાં આવશે. તેમણે કહ્યું કે જો ભાજપ બીજી વખત આવી તો પોલીસ પીએસીમાં પણ ૩ વર્ષની નોકરી કરી દેશે. ગરીબોને હલકી ગુણવત્તાનું અનાજ આપવામાં આવી રહ્યું છે. પૌષ્ટિક ભોજન મળી રહ્યું નથી.

ચૂંટણી ઢંઢેરાની ખાસ વાતો નીચે મુજબ છે

- તમામ ખેડૂતોનું દેવુ વર્ષના અંત સુધી માફ કરવામાં આવશે
- દૂધ અને તમામ પાકના ખેડૂતોને સ્વામીનાથન રિપોર્ટ અનુસાર MSP
- ખેડૂત આયોગની રચના
- નાના ખેડૂતોને ૫૦૦૦ રૂપિયા માસિક પેન્શન
- ૧૦ કિ.મીના અંતરે એક કૃષિ બજાર બનાવાશે
- યુપીના શેરડીના ખેડૂતો માટે દસ હજાર કરોડનું રોલિંગ ફંડ
- મનરેગાની મજૂરી વધારીને ૪૫૦ રૂપિયા કરવામાં આવશે
- યુવાનોને લેપટોપ, પરીક્ષાઓમાં ભ્રષ્ટાચાર ખતમ કરવામાં આવશે
- મફત રાશનમાં ઘઉંની જગ્યાએ લોટ આપવામાં આવશે
- દરેક રાશન કાર્ડ ધારક પરિવારને દર મહિને ૫૦૦ રૂપિયા મોબાઈલ ડેટા ફ્રી
- મહિલાઓને સંસદમાં ૩૩ ટકા અનામત
- ગરીબ મહિલાઓને ૩૦૦૦ રૂપિયા પેન્શન
- દિકરીઓને પીજી સુધી મફત શિક્ષણ
- સામાજિક ન્યાય, લોકતંત્ર બચાવવુ, મીડિયાની આઝાદી
- ૨૦૨૫માં જાતિગત વસતી ગણતરી
- ૨૦૨૯ સુધી સૌને ન્યાય આપવાનું વચન
- ૨૦૨૯ સુધી ભૂખથી મુક્તિ અને ગરીબી નાબૂદી
- ૨૦૨૫ સુધી તમામ અનામત ખાલી જગ્યાઓને ભરવામાં આવશે
- ખાનગી ક્ષેત્રે તમામ ભાગીદારી

### લોકસભા ચૂંટણી ખૂબ જ નજીકમાં છે

# ભાજપે રીલીઝ કર્યુ 'નમો'ની રાષ્ટ્ર લાગણીને પ્રતિબિંબિત કરતું ગીત

### આ ગીતમાં દેશના દરેક ખૂણેથી, વિવિધ પૃષ્ઠભૂમિના લોકો, દરેક ભાષામાં બોલતા એકસાથે એક વાત કરતા જોવા મળી રહ્યા છે

નવી દિલ્હી, તા.૧૦

લોકસભા ચૂંટણી ખૂબ જ નજીકમાં છે, ત્યારે ભાજપે તેનું થીમ સોન્ગ રીલીઝ કર્યુ છે.ભાજપે રીલીઝ કરેલા આ ગીતમાં સમગ્ર રાષ્ટ્રની લાગણી પ્રતિબિંબિત થતી જોવા મળી રહી છે. આ ગીતમાં દેશના દરેક ખૂણેથી, વિવિધ પૃષ્ઠભૂમિના લોકો, દરેક ભાષામાં બોલતા એકસાથે એક વાત કરતા જોવા મળી રહ્યા છે અને કહી રહ્યા છે કે અમારા સપના ઉડાન ભરી ગયા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કેન્દ્રમાં રાખીને ભાજપે રીલીઝ કરેલા આ ગીતને ૧૨ અલગ-અલગ ભાષાઓમાં ગાવામાં આવ્યું છે અને રાષ્ટ્રની એકતાને દર્શાવવામાં આવી છે. વિવિધતામાં કેવી રીતે ભારતમાં એકતા છે તે જોવા મળી રહ્યુ છે. આ ગીતમાં અંતે હજારો લોકો પીએમ નરેન્દ્ર મોદીની એકીકૃત શક્તિનું પ્રતિનિધિત્વ કરતું એક વિશાળ કોલાજ બનાવવા માટે ભેગા થતા જોવા મળે છે.પાર્ટી દ્વારા જાહેર કરાયેલા આ ગીતના વીડિયોમાં એ વાતને રેખાંકિત કરવામાં આવી છે કે કેવી રીતે વડાપ્રધાન મોદીએ તેમના વચનો અને લોકોના સપના પૂરા કર્યા છે. આ પહેલા જાન્યુઆરી મહિનામાં લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને BJPએ ચૂંટણી પ્રચાર માટે એક થીમ સોંગ રિલીઝ કર્યું હતું. જેમાં પણ ગીતની શરૂઆતમાં કહેવામાં આવ્યું હતું કે સપના નહીં હકીકત વણીએ છીએ,તેથી જ મોદીને પસંદ કરીએ છીએ'આ ગીતમાં એવુ દર્શાવવામાં આવ્યુ છે કે વર્ષોથી દેશના હાલ બેહાલ હતા અને વિકાસ ધીમો પડી ગયો હતો, જે પછી દેશના લોકોએ મત આપીને નમો એટલે કે નરેન્દ્ર મોદીને પસંદ કર્યા. જે પછી નરેન્દ્ર મોદીએ પણ જનતાને આપેલુ વચન પુરુ કર્યુ.ઉન્નત દેશના સપનાએ તે પછી ઉડાન ભરી અને જનહીતમાં હોય તેવો માર્ગ અપનાવીને આગળ વધતા રહ્યા.

### શંકરસિંહ વાઘેલા અને છોટુ વસાવા વચ્ચે મુલાકાત

# BAP અને કોંગ્રેસના નેતા બેઠકમાં જોડાતા રાજકારણ ગરમાયું

અમદાવાદ, તા.૧૦

લોકસભાની ચૂંટણી નજીક આવતા ફરી રાજ્યમાં ફરી જૂના નેતાઓ એક્ટિવ મોડમાં આવ્યા છે. પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા અને છોટુ વસાવા વચ્ચે મુલાકાત થતાં અનેક રાજકીય તર્ક વિતર્ક શરૂ થયા છે. જેમની આ મુલાકાત બેઠકમાં ભારત આદિવાસી પાર્ટીના ભરૂચ લોકસભા બેઠકના ઉમેદવાર દિલીપ વસાવા ઉપસ્થિત રહ્યાં હતાં. કોંગ્રેસ નેતા સંદીપ માંગરોલા પણ શંકરસિંહ સાથેની મુલાકાતમાં જોડાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, મ્છઁ પાર્ટીના આગેવાનો બેઠકમાં જોડાતા રાજકીય માહોલ ગરમાયો હતો. આ બેઠક ગાંધીનગર સ્થિત શંકરસિંહના નિવાસસ્થાને મળી હતી. શંકરસિંહ અને મ્છઁની બેઠકને લઈ ભરૂચ બેઠકને લઈ ચર્ચા થઈ હોવાનું અનુમાન છેઆ વખતે ભરૂચ લોકસભા બેઠક પર ત્રિ-પાંખીયો જંગ જામશે. કારણ કે, ભાજપે મનસુખ વસાવાને ટિકિટ આપી છે જ્યારે ઈન્ડિયા ગઠબંધને ચૈતર વસાવાને મેદાને ઉતાર્યા છે. તો વળી મ્છઁએ દિલીપ વસાવાને રાજકીય મેદાને ઉતાર્યા છે. ભરૂચ લોકસભા બેઠક ૧૯૮૯માં એહમદ પટેલનો ચંદુભાઈ દેશમુખ સામે પરાજય બાદથી ભાજપના હાથમાં રહી છે. ૩૫ વર્ષથી ભાજપના હાથમાં રહેલી ભરૂચ લોકસભા બેઠક પર છેલ્લા ૬ ટર્મથી ભાજપે મનસુખ વસાવા પર વિશ્વાસ મૂકી ચુંટણી જંગમાં ઉતાર્યા હતા. જોકે આ વખતે સ્થિતિ અલગ છે. વર્ષ ૨૦૨૪ની ભરૂચ લોકસભા બેઠકની ચૂંટણી ઘણી રસપ્રદ રહેશે તેવું મતદારોથી લઈ રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે. ગુજરાત રાજ્યમાં ૨૬ બેઠક પર કોંગ્રેસ-આપના ગઠબંધનમાં ભાવનગર બાદ ભરૂચ બેઠક આપના ફાળે ગઈ છે. આમ તો ગઠબંધન પહેલાથી જ આપ પાર્ટીએ ચૂંટણી જંગમાં ચૈતર વસાવા પર દાવ રમવાનો નિર્ણય કરી લીધો હતો. જોકે હવે ગઠબંધનની સત્તાવાર જાહેરાત વચ્ચે ભરૂચ બેઠક પર ચૈતર વસાવા ઈન્ડિયા ગઠબંધનના સંયુક્ત ઉમેદવાર બન્યા છે. તો સામે ૬ ટર્મથી જંગી લીડથી જીતતા મનસુખ વસાવા પર ભાજપે નો રિસ્ક સાથે રીપીટની થિયરી અપનાવી છે.મનસુખ વસાવા ૬ ટર્મથી સાંસદ છે. ૧૯૮૯થી આ બેઠક પરથી ૬ ટર્મ મનસુખ વસાવા ચૂંટાયા છે. ૧૯૯૮,૧૯૯૯, ૨૦૦૪,૨૦૦૯,૨૦૧૪ અને ૨૦૧૯માં ચૂંટાયા છે. ભાજપે મનસુખ વસાવાને ૭મી ટર્મ માટે ટિકિટ આપી છે. ૧૯૯૪માં ગુજરાત સરકારમાં મંત્રી હતા. ૧૨ વર્ષથી રાજકારણમાં સક્રિય છે. પત્ની ૨ વખત નર્મદા જિલ્લા પંચાયતના સભ્ય રહી ચુક્યાં છે. ડેડિયાપાડા વિધાનસભા બેઠકમાં છછઁ પાર્ટીની ટિકિટ પરથી ધારાસભ્ય બન્યા હતા. ૫૫.૯ ટકા વોટ સાથે ધારાસભ્ય બન્યા હતા. ભાજપના હિતેશકુમાર વસાવા અને કોંગ્રેસના જેરમાબેન વસાવાને હરાવ્યાં હતાં. ઈન્ડિયા ગઠબંધને ભરૂચ બેઠક પર લોકસભા ટિકિટ આપી હતી. ગત લોકસભાની ચૂંટણીના પરિણામો પર નજર કરીએ તો વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર મનસુખ વસાવાને ૫૫.૪૭ ટકા મતો સાથે ૬.૩૭ લાખ મતો મળ્યા હતા. જ્યારે કોંગ્રેસના ઉમેદવાર શેરખાન પઠાણને માત્ર ૨૬.૪૦ ટકા સાથે ૩.૦૩ લાખ મતો પડ્યા હતા. જે વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણી કરતા કોંગ્રેસને ૧૦.૯૨ ટકા મતો ઓછા મળ્યા હતા. જ્યારે ત્રીજા ઉમેદવાર છોટુભાઈ વસાવા જેઓ બીટીપીમાંથી ચૂંટણી જંગમાં ઉતર્યા હતા. તેમને ૧૨.૫૩% મતો સાથે ૧.૪૪ લાખ મતો મળ્યા હતા એટલે કુલ ૭૩.૫૫% એટલે ૧૧.૫૦ લાખના થયેલ મતદાનમાં મનસુખ વસાવા (ભાજપના ઉમેદવાર) ૩.૩૪ લાખની લીડ સાથે બેઠક જાળવી રાખવામાં સફળ રહ્યા હતા. વર્ષ ૨૦૧૪ની ચૂંટણીમાં પણ મનસુખ વસાવાએ સારી ટક્કર આપી ૧.૫૮ લાખની લીડ મળી હતી. તો ૨૦૦૯માં કોંગ્રેસના સમયમાં પણ ૨૭ હજારની લીડ સાથે આગળ રહ્યા હતા. વિધાનસભા મત વિસ્તાર પ્રમાણે ચર્ચા કરવામાં આવે તો ભરૂચના વર્તમાન સાસંદને ગત ચૂંટણીમાં સૌથી વધુ મત ભરૂચ માંથી ૧.૧૩ લાખ જ્યારે સૌથી ઓછા ઝગડીયામાં ૭૭ હજાર મતો મળ્યા હતા. જ્યારે કોંગ્રેસને સૌથી વધુ જંબુસરમાં ૫૭ હજાર જ્યારે સૌથી ઓછા ઝગડીયામાં ૩૨ હજાર મતો મળ્યા હતા. ગત ૪ ટર્મની ચૂંટણીમાં ભરૂચ લોકસભા બેઠક પર ત્રિકોણીય ચૂંટણી જંગ રહ્યો છે જેનાથી ભાજપ-કોંગ્રેસને ઓછી-વત્તા અસર રહી છે.

### ઈદનો ચાંદ દેખાતા મુસ્લિમ બિરાદરો ખુશ

# અમરેલી જિલ્લામાં આજે પવિત્ર રમજાન ઈદની ઉત્સાહભેર ઉજવણી

### વિશેષ નમાઝ સહિતના કાર્યક્રમો યોજાશે

અમરેલી, તો ૧૦

અમરેલી જિલ્લા સહિત દેશભરમાં આજે સાંજે ઈદના ચાંદના દિદાર થતાં મુસ્લિમ બિરાદરો દ્વારા આવતિકાલે રમજાન ઈદની ઉજવણી કરાશે. વિશેષ નમાઝ અદા કરાવમાં આવશે.

જાફરાબાદમાં અનેક મસ્જિદોમાં ઈદની વિશેષ નમાઝ સવારે પઢવામાં આવશે જાફરાબાદ ખાતે ગઈકાલે સુન્ની મુસ્લિમ સમાજના પવિત્ર, અફઝલ અને મુબારક રમજાન માસના ૨૯ રોજા પૂર્ણ થયા હોય લોકો સાંજે રોજા છોડયા બાદ અનેરા ઉત્સાહ ઉમંગ અને ઉત્સાહ સાથે આકાશ ભણી મિટ માંડી રહ્યા હતા કે, ઈદનો ચાંદ નજરે ચડી જાય તો આવતી કાલે રમજાન ઈદની ઉજવણી થઈ શકે પરંતુ ગઈકાલે રમજાન ઈદનો ચાંદ આકાશમાં નજરે ના ચડતા લોકો નિરાશાને બદલે અનેરા ઉત્સાહમાં આવી ગયેલ કારણ કે અફઝલ, મુબારક રમજાન માસનો એક દિવસ વધશે એટલે કે રમઝાન મહિનાના ૩૦ રોજા પૂર્ણ થશે અને આજે સુન્ની મુસ્લિમ સમાજ રમજાન માસનો રોજા પૂર્ણ કરી રહ્યા છે. આમ આવતી કાલે તા/૧૧/૦૪/૨૦૨૪ ને ગુરૂવારે ઉત્સાહ ઉમંગ અને અનેરા ઉલ્લાસ સાથે રમજાન ઈદ કે જે ઈદુલ – ફિત્રના નામે ઓળખાય છે. તેની આનંદમય ક્ષણોની ઉજવણી કરવામાં આવશે આવતીકાલે ઈદુલ–ફિત્ર નિમિત્તે વહેલી સવારે જાફરાબાદની દરેક મસ્જિદોમાં ફજરની નમાઝ પછી દુઆ પઢ વામાં આવશે ત્યાર પછી દરેક મસ્જિદોમાં સવારે ઈદની નમાઝ પઢવામાં આવશે શહેરની મધ્યમાં આવેલ ઈદગાહ ખાતે સવારે દસ વાગ્યે ઈદની નમાઝ પઢાવશે ત્યારબાદ સુન્ની મુસ્લિમ સમાજના લોકો એકબીજાને ઈદની મુબારક બાદી આપશે અને ત્યારપછી શીરખુરમાની મીઠી મધભરી લિજ્જતદાર સોડમ માણસે આમ જાફરાબાદમાં આવતી કાલે ઈદુલ ફિત્ર એટલે કે રમજાન ઈદની ઉજવણી કોમી એખલાસ સદભાવના ભર્યા વાતાવરણમાં ઉત્સાહ અને ઉમંગથી ઉજવવામાં આવશે.

# મોરબી ખાતે શીતલ પાર્લરનું મંગલ ઉદ્‌ઘાટન સંપન્ન



અમરેલી, તા.૧૦,તા.૯/૪/૨૦૨૪ ને સોમવારે સાવરે ૧૦ કલાકે શીતલ પાર્લરનું મંગલઉધ્ધાટનઓમકારસિંહ રાણા (પાર્લર ઓનર), વિશ્વરાજસિંહ રાણાનાં હસ્તે ભારત પેટ્રોલિયમ કોર્પો લી. ઓમકાર પેટ્રોલીમય, લાલપર, લાલપર, વાંકાનેર – મોરબીહાઈ–વે, મોરબીખાતે સંપન્ન થયું. આ શુભ પ્રસંગે હિતેષભાઈ દેવરા (શીતલ આઈસ્ક્રીમ ડીસ્ટ્રીબ્યુટર–મોરબી) તેમજ આમંત્રીત મહેમાનો ઉપસ્થિત રહયા હતા. તેવુંશીતલ કુલ પ્રોડક્ટ્સ લીમીટેડ અમરેલી (ફ્રેન્ચાઈઝી ડેવલપમેન્ટ મેનેજર) દિપકભાઈ જોષીની યાદીમાં જણાવામાં આવેલછે.

### પાકિસ્તાને ભારતને આપ્યો મોટો ઝટકો

# સંયુક્ત રાષ્ટ્રના હેપ્પીનેસ રિપોર્ટમાં પાકિસ્તાને ભારતને પાછળ છોડ્યું

### રિપોર્ટમાં પાકિસ્તાનને જ્યાં ૧૦૮મું સ્થાન મળ્યું છે, તો ભારતે ૧૨૬માં સ્થાનથી સંતોષ કરવો પડ્યો છે

ઈસ્લામાબાદ, તા.૧૦

પાકિસ્તાને એકવાર ફરીથી સંયુક્ત રાષ્ટ્રના હેપ્પીનેસ રિપોર્ટમાં મોટા અંતરથી ભારતને પછાળ છોડી દીધું છે. પાકિસ્તાનને જ્યાં આ હેપ્પીનેસ રિપોર્ટમાં ૧૦૮મું સ્થાન મળ્યું છે તો ભારત આ યાદીમાં ૧૨૬માં સ્થાન પર છે. આ રેંકિંગને બુધવારે જાહેર કરવામાં આવી છે. ફિનલેન્ડને સતત સાતમાં વર્ષે વિશ્વનો સૌથી ખુશ દેશ જાહેર કરવામાં આવ્યો છે. ફિનલેન્ડ બાદ ડેનમાર્ક, આઈસલેન્ડ અને સ્વીડન છે. ત્યારબાદ ઈઝરાયલ, નેધરલેન્ડ, નોર્વે, લગ્જમબર્ગ, સ્વિત્ઝર્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા આવે છે. આ લિસ્ટમાં અફઘાનિસ્તાનને સૌથી ખરાબ રેટિંગ ૧૪૩ આપવામાં આવ્યું છે, જે તાલિબાન રાજ આવ્યા બાદ માનવીય સંકટથી સંઘર્ષ કરી રહ્યું છે.આ રિપોર્ટ એક દાયકા કરતા વધુ સમયથી પ્રકાશિત થઈ રહ્યો છે. પરંતુ તેમાં પ્રથમવાર થઈ રહ્યું છે કે અમેરિકા અને જર્મની ૨૦ સૌથી વધુ ખુશ દેશોના લિસ્ટમાં નથી. આ સર્વેક્ષણમાં અમેરિકાને જ્યાં ૨૩મું તો જર્મનીને ૨૪મું સ્થાન મળ્યું છે. તો કોસ્ટારિકા અને કુવૈતની ટોપ ૨૦માં એન્ટ્રી થઈ છે અને તેને ક્રમશઃ ૧૨મું અને ૧૩મું સ્થાન મળ્યું છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સૌથી ખુશ દેશોના લિસ્ટમાં સૌથી ઉપરના દેશોમાં વિશ્વના સૌથી મોટા દેશ સામેલ નથી.રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ટોપ-૧૦ દેશના લિસ્ટમાં નેધરલેન્ડ અને ઓસ્ટ્રેલિયા એવા દેશ છે જેની વસ્તુ દોઢ કરોડ છે. ટોપ ૨૦ દેશોના લિસ્ટમાં કેનેડા અને બ્રિટન એવા દેશ છે જેની વસ્તી ૩ કરોડથી વધુ છે. સૌથી વધુ ઘટાડો અઘાનિસ્તાન, લેબનાન અને જોર્ડનના રેંક્રિંગમાં થયો છે. તો તો પૂર્વી યુરોપના દેશો સર્બિયા, બુલ્ગારિયા અને લાટવિયાના રેંક્રિંગમાં સૌથી વધુ વધારો થયો છે. હેપ્પીનેસ રેંક્રિંગ લોકોના જીવન સંતુષ્ટિ, પ્રતિ વ્યક્તિ જીડીપી, સામાજિક સમર્થન, તંદુરસ્ત જીવનની અપેક્ષા, સ્વતંત્રતા અને ભ્રષ્ટાચારના આધાર પર નક્કી કરવામાં આવે છે.

# ભાવનગર વિસ્તારમાં ભૂકંપ આવતા ફફડાટ, લોકો ઘરની બહાર દોડી આવ્યા

ભાવનગર, તા.૧૦

ભાવનગરમાં ભૂકંપનો આંચકો અનુભવાયો છે. ૩.૨ ની તીવ્રતાનો આંચકો અનુભવાતા ફફડાટ ફેલાયો હતો. મળતી માહીતી પ્રમાણે ૧૫ થી ૨૦ સેકન્ડ ભુકંપનું કંપન અનુભવાયું હતું. જેના કારણે લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. ૩.૨ તીવ્રતાનો ભૂકંપ ૯ અને ૫૨ મિનિટ પર અનુભવાયો હતો. ભાવનગરથી ૧૭ કિલોમીટર ભૂકંપનું કેન્દ્ર બિંદુ હોવાની માહિતિ સામે આવી છે. ભાવનગરના ગ્રામ્ય વિસ્તાર અને શિહોર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આ ધરતીકંપનો આંચકો અનુભવાયો છે. જોકે હાલ ભાવનગર ડિઝાસ્ટર વિભાગ દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે કે આ ધરતીકંપમાં કોઈપણ જાનહાની કે નુકસાન થયું નથી. ઘોઘા તાલુકાના સાણોદર કુકડ , ગોરિયાળી, કંટાળા ( રામપર) ભાખલ ,લાકડીયા , નવાગામ(નાના) , બાડી ,પડવા , ભંડારીયા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં રાત્રીના ૯.૫૨ મીનીટે ૩.૨ ની તીવ્રતા ભૂકંપ નો હળવો આંચકો અનુભવાયો હતો. તો બીજી તરફ ૨૫ માર્ચે ઉત્તરી પાપુઆ ન્યુ ગિનીમાં ૬.૯ ની તીવ્રતાના ભૂકંપથી ઓછામાં ઓછા પાંચ લોકો માર્યા ગયા હતા અને અંદાજિત ૧,૦૦૦ ઘરો નાશ પામ્યા હતા, અધિકારીઓએ જણાવ્યું હતું કે આપત્તિના કર્મચારીઓએ સ્થળ પર જઈને જાણકારી મેળવી હતી. લગભગ ૧,૦૦૦ ઘરો તૂટી ગયા હતા. રવિવારે વહેલી સવારે જ્યારે ભૂકંપ આવ્યો ત્યારે દેશની સેપિક નદીના કિનારે આવેલા ડઝનેક ગામો પહેલાથી જ મોટા પૂરનો સામનો કરી રહ્યા હતા. પાપુઆ ન્યુ ગિનીમાં ધરતીકંપો સામાન્ય છે, જે ધરતીકંપની "રિંગ ઓફ ફાયર" ની ટોચ પર બેસે છે - તીવ્ર ટેકટોનિક પ્રવૃત્તિનો એક ચાપ જે દક્ષિણપૂર્વ એશિયા અને પેસિફિક બેસિનમાં ફેલાયેલો છે. જો કે તેઓ ભાગ્યે જ ઓછી વસ્તીવાળા જંગલ હાઈલેન્ડ્સમાં વ્યાપક નુકસાન પહોંચાડે છે, તેઓ વિનાશક ભૂસ્ખલનને ઉત્તેજિત કરી શકે છે. ટાપુ રાષ્ટ્રના નવ મિલિયન નાગરિકોમાંથી ઘણા મોટા નગરો અને શહેરોની બહાર રહે છે, જ્યાં મુશ્કેલ ભૂપ્રદેશ અને સીલબંધ રસ્તાઓનો અભાવ શોધ-અને-બચાવના પ્રયત્નોને ગંભીરપણે અવરોધે છે. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અનુસાર, ભૂકંપ દરમિયાન ગભરાશો નહીં, શાંત રહો. ટેબલની નીચે જાઓ અને તમારા માથાને એક હાથથી ઢાંકો. બહાર આવ્યા પછી ઈમારતો, વૃક્ષો અને થાંભલાઓથી દૂર રહો. આ સિવાય લિફ્ટનો ઉપયોગ ન કરો. જો તમે વાહનની અંદર હોવ તો તેને રોકો. ભૂકંપ પછી ક્ષતિગ્રસ્ત ઈમારતોમાં ન જશો અને સીડીનો ઉપયોગ કરશો નહીં. ભૂકંપના નુકસાનને ટાળવા માટે, દિવાલો અને છતની તિરાડોને સમયાંતરે રીપેર કરાવો.

### સારવાર દરમિયાન તેમનું મોત થયું

# મહાકાલ મંદિરના ગર્ભગૃહમાં લાગેલી આગમાં એક સેવકનું મોત

### મહાકાલ મંદિરમાં આ વર્ષે હોળીના દિવસે ગર્ભગૃહમાં આગ લાગવાથી સેવક સત્યનારાયણ સોની દાઝી ગયા હતા

ઉજ્જૈન, તા.૧૦

આ વર્ષે હોળીના દિવસે મધ્યપ્રદેશના ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં એક મોટો અકસ્માત થયો હતો. ૨૫ માર્ચે ભસ્મ આરતી દરમિયાન ગર્ભગૃહમાં આગ લાગી હતી. આ અકસ્માતમાં ૧૪ લોકો દાઝી ગયા હતા. આ ઈજાગ્રસ્તો પૈકી એકનું હાલ મોત થયું છે.તેનું નામ સત્યનારાયણ સોની છે, જે મંદિરના સેવક હતા. તેમની મુંબઈની એક હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. ગર્ભગૃહમાં ગુલાલ ઉડાવવામાં આવી રહ્યો હતો ત્યારે આ અકસ્માત થયો હતો.
૨૫મી માર્ચે સવારે મહાકાલ મંદિરમાં ભસ્મ આરતી થઈ રહી હતી. મંદિરમાં ભગવાનનો જયજયકાર થઈ રહ્યો હતો. ૫:૪૯ વાગ્યે ગર્ભગૃહમાં આગ ફાટી નીકળી ત્યારે ભક્તો ભોલેની ભક્તિમાં મગ્ન હતા. આ અકસ્માતમાં પૂજારી સહિત ૧૪ લોકો દાઝી ગયા હતા. ઈજાગ્રસ્તોમાંથી ૯ને ઈન્દોર રીફર કરવામાં આવ્યા હતા. ૫ની સારવાર ઉજ્જૈનમાં જ કરવામાં આવી હતી.

આ અકસ્માતમાં ગંભીર રીતે દાઝી ગયેલા સત્યનારાયણ સોનીને ઈન્દોરની અરવિંદો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ તબિયતમાં સુધારો ન થતો જોઈને તેને વધુ સારી સારવાર માટે મુંબઈની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. અહીં સારવાર દરમિયાન સવારે તેમનું મોત નિપજ્યું હતું. સત્યનારાયણ સોનીની ઉંમર ૮૦ વર્ષ હોવાનું કહેવાય છે.મંદિર સાથે જોડાયેલા લોકોનું કહેવું છે કે, સત્યનારાયણ સોની બાબા મહાકાલના સાચા સેવક હતા, જે ભસ્મ આરતી માટે ગર્ભગૃહની સફાઈ કરવા, પૂજા સામગ્રી એકત્રિત કરવા અથવા અન્ય કોઈપણ કાર્ય માટે હંમેશા તૈયાર રહેતા હતા. બાબા મહાકાલની પૂજા કરવા માટે ગમે તે પૂજારી સાથે, સત્યનારાયણ સોની સેવા આપવા માટે તેમના સહાયક તરીકે હંમેશા હાજર રહેતા હતા.આ આગમાં દાઝી ગયેલા પૂજારીના પુત્ર મનોજ શર્મા (૪૩), પૂજારી સંજય શર્મા (૫૦) અને નોકર ચિંતામણ (૬૫) હજુ પણ ઈન્દોરની અરવિંદો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. સત્યનારાયણ સોની ઘણા વર્ષોથી મહાકાલ મંદિરમાં સવારની ભસ્મ આરતીમાં નિયમિત હાજરી આપતા હતા. તેમણે આરતી અને પૂજા દરમિયાન પૂજારીની મદદ પણ કરી હતી. સોની એ જ હતા જે મહાકાલ મંદિરની ભસ્મ આરતી દરમિયાન નંદી હોલમાં બહાર આવતા હતા અને મહિલા ભક્તોને વિનંતી કરતા હતા કે ભગવાન મહાકાલને ભસ્મ ચઢવાની છે. સ્ત્રીઓને ભસ્મ ચઢતી જોતી નથી. માટે ઘુંઘટ ઓઢવાનું કહેતા હતા. ભોલેનાથને ભસ્મ અર્પણ કર્યા પછી, સોની તેમને પાછા બોલાવીને મહિલાઓને તેમના ઘુંઘટ હટાવવાનું કહેતા હતા. મંદિરના પૂજારીઓ અનુસાર, સોની ખૂબ જ મિલનસાર વ્યક્તિ હતા.

### ૪૦૦થી વધુ સીટ જીતવાના દાવા વચ્ચે પડકાર

# ૧૧ રાજ્યોમાં તો ભાજપ માટે ખાતું ખોલવું એ જ મોટો પડકાર

### જો ૨૦૧૯ના પરફોર્મન્સને આધાર બનાવીએ તો હાલ ભાજપ માટે આ કહેવું થોડું મુશ્કેલ સાબિત થશે

નવી દિલ્હી, તા.૧૦

ભાજપે આ વખતે લોકસભા ચૂંટણીમાં પોતાના માટે મિશન ૪૦૦ નક્કી કર્યું છે. ચૂંટણીમાં ૪૦૦ સીટ જીતવાનો દાવો થઈ રહ્યો છે. ભાજપને 'મોદીની ગેરંટી' પર અખૂટ વિશ્વાસ છે. પરંતુ જો ૨૦૧૯ના પરફોર્મન્સને આધાર બનાવીએ તો હાલ ભાજપ માટે આ કહેવું થોડું મુશ્કેલ સાબિત થશે. દક્ષિણ ભારતીય રાજ્યોમાં ભાજપના ખરાબ પ્રદર્શનનો મુદ્દો તો છે જ પરંતુ દેશના ૧૧ રાજ્યો એવા છે કે જ્યાં ભાજપ ખાતું ખોલાવવામાં પણ અસફળ રહ્યું છે. આવામાં સવાલ એ ઉઠે છે કે શું ભાજપને આ દાવામાં સફળતા મળી શકશે ખરી? ૨૦૧૯ની ચૂંટણીના દેખાવના આધારે ભાજપે આ વખતની લોકસભા ચૂંટણી માટે યોજના ઘડી છે. ૨૦૧૯માં ભાજપને ૩૦૩ બેઠકો મળી હતી જ્યારે ભાજપના નેતૃત્વવાળા ગઠબંધન NDA ને ૩૫૦ બેઠકો મળી હતી. એવામાં જોઈએ તો ભાજપ ગઠબંધન NDA એ મિશન ૪૦૦ માટે ફક્ત ૫૦ બેઠકો જ વધારવાની છે. પરંતુ આ જેટલું દેખાય છે તેટલું સરળ નથી. જો ૨૦૧૯ પ્રમાણે ભાજપનો દેખાવ જોઈએ તો પહેલા એવા રાજ્યો આવે કે જ્યાં ભાજપે ક્લીન સ્વીપ કર્યું હતું એટલે કે તમામ બેઠકો જીતી હતી. એવા ૧૦ રાજ્યો છે. ત્યારબાદ એવા રાજ્યો આવે જ્યાં ભઆજપે તમામ બેઠકો હારી હતી એટલે કે ખાતું પણ ખૂલ્યું નહતું અને આવા ૧૧ રાજ્યો છે. ત્યારબાદ એવા રાજ્યો લઈએ જ્યાં ભાજપ પોતે મજબૂત છે અને તેના સહયોગીઓ પણ એટલા મજબૂત હતા જેના સહારે એકબીજા માટે સીટો મેળવવામાં સફળ રહ્યા. લોકસભા ચૂંટણી ૨૦૧૯માં એવા ૧૧ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો હતા જ્યાં ભાજપનું ખાતું પણ ખૂલ્યું નહતું. એટલે કે કોઈ સીટ મળી નહતી. આ રાજ્યોમાં આંધ્ર પ્રદેશ, તમિલનાડુ, કેરળ, મેઘાલય, સિક્કિમ, પુડુચેરી, આંદમાન નિકોબાર ટાપુઓ, નાગાલેન્ડ, મિઝોરમ, લક્ષદ્વીપ અને દાદરા તથા નાગર હવેલી સામેલ છે. સ્પષ્ટ છે કે જો ૪૦૦ બેઠકો મેળવવી હોય તો આ માટે ભાજપ અને તેના સહયોગી પક્ષોએ જ્યાં એક પણ સીટ નથી મળી તેવા આ ૧૧ રાજ્યોમાં દેખાવ સુધારવો ખુબ જરૂરી છે. જેમાંથી ૩ સૌથી મહત્વના રાજ્યો છે તે છે આંધ્ર પ્રદેશ (૨૫ બેઠક), તમિલનાડુ (૩૯ બેઠક), કેરળ (૨૦ બેઠક) છે. જેમાં લોકસભાની ૮૫ બેઠકો પડે છે. આ ઉપરાંત મેઘાલય (૨), જ્યારે મિઝોરમ, નાગાલેન્ડ, લક્ષદ્વીપ, સિક્કીમ, આંદમાન અને નિકોબાર ટાપુઓ, પુડુચેરી, તથા દાદરા અને નાગર હવેલીમાં ૧-૧ લોકસભા બેઠક છે. આવામાં જોઈએ તો આ ૧૧ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ ૯૩ લોકસભા સીટો છે જે ૫૪૩ સીટોનો એક મોટો હિસ્સો છે. જો આ સીટો હટાવી દેવામાં આવે તો બાકી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૪૪૩ સીટો જ બચે છે એટલે કે આ બેઠકોના દમ પર ભાજપ ગઠબંધન ૪૦૦ સીટનો આંકડો સ્પર્શી શકે નહીં. ભાજપે દક્ષિણ ભારતની આ ૮૯૩ બેઠકોની ખોટ પૂરી કરવા માટે એવી ૧૪૪ બેઠકો પર ફોકસ કર્યું છે જેના પર તે અથવા તો તેમના સહયોગી પક્ષ બીજા કે ત્રીજા નંબરે હતા. ભાજપ ૭૨ બેઠકો પર બીજા નંબરે હતું. ભાજપે આ સીટો મેળવવા માટે જ પોતાના ગઠબંધનમાં નાનામાં નાના પક્ષને પણ સામેલ કરવાની કોશિશ કરી છે. અનેક પક્ષો એવા પણ છે જેની અસર ૫-૬ બેઠકો સુધી સીમિત છે. પરંતુ તેમના જાતીય સમીકરણો ભાજપને બીજી અનેક બેઠકો પર ફાયદો પહોંચાડી શકે છે. જેનું મોટું ઉદાહરણ પશ્ચિમી યુપીમાં રાષ્ટ્રીય લોકદળ (આરએલડી) છે. લોકસભા ચૂંટણી ૨૦૧૯માં એક પણ સીટ ન જીતવા છતાં આરએલડી પશ્ચિમ યુપીની પ્રભાવી પાર્ટી છે. આવામાં આરએલડીને NDA માં સામેલ કરતાની સાથે જ ભાજપને સીધો ૨૭ બેઠકો પર લાભ થતો દેખાય છે. જેના પર આરએલડી સમર્થક જાતિઓનું સારું એવું પ્રભુત્વ છે.

### રાહુલ ગાંધીએ ભાજપ પર તાક્યું નિશાન

# ૨૦૨૪ની લોકસભા ચૂંટણી બે વિચારધારાઓ વચ્ચેની લડાઈ

### રાજકીય મંચ પર જૂઠ બોલવાથી ઈતિહાસ નથી બદલાતો : રાહુલ

નવી દિલ્હી, તા.૧૦

કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા પર ભાજપ દ્વારા વારંવાર 'મુસ્લિમ લીગની છાપ'ના પ્રહાર વચ્ચે હવે આજે રાહુલ ગાંધીએ ભાજપ પર નિશાન સાધતા કહ્યું કે, ઈતિહાસ સાક્ષી છે કે, કોણે દેશને વિભાજિત કરનારી શક્તિ સાથે હાથ મિલાવ્યો છે. રાજકીય મંચ પર જૂઠ બોલવાથી ઈતિહાસ નથી બદલાતો.

રાહુલ ગાંધીએ એક પોસ્ટમાં કહ્યું કે, ૨૦૨૪ની લોકસભા ચૂંટણી બે વિચારધારાઓ વચ્ચેની લડાઈ છે. એક બાજુ કોંગ્રસ છે જેણે હંમેશા ભારતને એકજૂઠ કર્યુ છે અને બીજી બાજુ એ (ભાજપ) છે જેણે હંમેશા લોકોને વિભાજિત કરવાનો પ્રયત્ન કર્યો છે. કોંગ્રેસ નેતાએ કહ્યું કે, 'ઈતિહાસ સાક્ષી છે કે દેશને વિભાજિત કરનારી શક્તિઓ સાથે કોણે હાથ મિલાવ્યા છે તથા તેમને મજબૂત કર્યા છે અને કોણ દેશની એકતા અને આઝાદી માટે લડાઈ લડ્યા છે. તેમણે કહ્યું કે, ભારત છોડો આંદોલન દરમિયાન અંગ્રેજો સાથે કોણ ઊભુ હતું? જ્યારે ભારતની જેલો કોંગ્રેસના નેતાઓથી ભરાયેલી હતી ત્યારે દેશને વિભાજિત કરનારી શક્તિ સાથે રાજ્યોમાં સરકાર કોણ ચલાવી રહ્યું હતું?'

તેમણે કહ્યું કે, 'રાજકીય મંચ પર જૂઠ બોલવાથી ઈતિહાસ નથી બદલાતો. રાહુલ ગાંધીની આ ટિપ્પણી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વારંવાર કરવામાં આવેલા પ્રહાર વચ્ચે આવી છે. કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા પર 'મુસ્લિમ લીગની છાપ' છે. કોંગ્રેસે આ ટિપ્પણી વિરુદ્ધ ચૂંટણી પંચનો સંપર્ક કર્યો છે. પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, મોદીના ભાષણોમાં ઈજીજીની ગંધ છે.'
કોંગ્રેસે આરોપ લગાવ્યો કે, વડાપ્રધાન હિન્દુ-મુસ્લિમ સ્ક્રિપ્ટનો સહારો લઈ રહ્યા છે કારણ કે, તેમને ડર છે કે લોકસભા ચૂંટણીમાં તેમને ૧૮૦ની સીટનો આંકડો પાર કરવામાં પણ સંઘર્ષનો સામનો કરવો પડી શકે છે.'
કોંગ્રેસે ભાજપ પર પલટવાર કરતા કહ્યું છે કે, 'જનસંઘના સ્થાપક શ્યામા પ્રસાદ મુખર્જી જેઓ તે સમયે હિન્દુ મહાસભાના અધ્યક્ષ હતા. તેઓ પોતે ૧૯૪૦ના દાયકાની શરૂઆતમાં મુસ્લિમ લીગ સાથે બંગાળમાં ગઠબંધન સરકારનો ભાગ હતા.'

### ગુજરાતમાં ૪ ઝોન પ્રમાણે ૧૦ થી વધુ સભાઓ થશે

# ગુજરાતના ચૂંટણી પ્રચારમાં પીએમ મોદીની એન્ટ્રી થશે

### ૨૨ તારીખે સભા સંબોધી પ્રચારના શ્રીગણેશ કરાવશે

અમદાવાદ, તા.૧૦

દેશભરમાં ચૂંટણીનો માહોલ ગુજી રહ્યો છે. 'અબ કી બાર ૪૦૦ પાર'નો સિંહનાદ સાથે ભાજપ પ્રચારમાં તૂટી પડ્યું છે. દેશભરમાં પીએમ મોદીની સભાઓ થઈ રહી છે. ત્યારે ગુજરાતમાં તેમની સભાની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. ત્યારે આ આતુરતાનો અંત આવી ગયો છે. હવે ગુજરાતના ચૂંટણી પ્રચારમાં પીએમ મોદીની એન્ટ્રી થશે. પીએમ હવે ગુજરાતના ચૂંટણીમાં જલ્દી જ પ્રચાર કરવા આવશે. ગુજરાતની ચૂંટણીમાં હાલ એક જ મુદ્દો ચર્ચાઈ રહ્યો છે. એ છે રૂપાલા. રૂપાલાને કારણે ભાજપ વિરોધી જ્વાળા ભડકી છે. આ વિરોધમાં હવે પીએમ મોદીની એન્ટ્રી થશે. રાજકોટ વિવાદ વચ્ચે ૨૨ તારીખે સભા સંબોધી પ્રચારના શ્રીગણેશ કરાવશે. હવે પીએમ મોદી ગુજરાતમાં પ્રચાર કરશે. ગુજરાતમાં ૪ ઝોન પ્રમાણે પીએમની ૧૦ થી વધુ સભાઓ થશે. એક દિવસમાં ૨ સભા નો સાથે સાંજે રોડ શો યોજવામાં આવશે. ગુજરાતના ચાર ઝોન એટલે કે, સૌરાષ્ટ્ર-કચ્છ, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં સભાનું આયોજન કરવામાં આવ્યું છે. પીએમ મોદીના ગુજરાતમાં પ્રચારની એન્ટ્રીથી રૂપાલા વિવાદ શાંત થાય તેવું લાગી રહ્યું છે. ભાજપ હંમેશા એવુ કહે છે કે, મોદીના નામે વોટ મળે છે. ત્યારે હાલ ગુજરાતમાં રૂપાલા વિવાદની આગ પીએમ મોદીના આગમન બાદ આપોઆપ શાંત થઈ શકે છે. બાકી રાજ્યોમાં જેમ પીએમનો પ્રચાર ચાલી રહ્યો છે એજ રીતે ગુજરાતમાં પણ પ્રચાર કરાશે. પ્રથમ ચરણના મતદાન બાદ પીએમ સાથે ભાજપના તમામ સ્ટાર પ્રચારકો ગુજરાત આવશે. તમામ કેન્દ્રિયો મંત્રીની સાથે ભાજપના તમામ મુખ્યમંત્રી ગુજરાતમાં પ્રચાર કરશે. ભાજપ ના સ્ટાર પ્રચારકો ગુજરાતમાં પણ જંગી જનસભા, રોડ શો, નુક્કડ સભા, ડોર ટુ ડોર પ્રચાર કરતાં દેખાશે. હાલ ગુજરાતના નેતાઓ પર દરેક બેઠક પર ૫ લાખ લીડથી જીતવાનું ટાર્ગેટ છે. ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ સતત તમામ સંબોધનમાં આ ટકોર કરી રહ્યાં છે. તેમણે આજે પણ સંબોધનમાં કહ્યું હતું કે, વર્ષ ૨૦૨૨ ની વિધાસભા ચૂંટણીમાં કાર્યકર્તાઓની થોડીક આળસના કારણે ૧૮૨ બેઠકો વિધાનસભામાં ના જીતી શક્યા એનું મને દુઃખ છે. લોકસભા ચૂંટણીમાં સૌ સંપૂર્ણ નિષ્ઠા સાથે કામ કરશે તેવી મને આશા છે. તમારા બુથમાં તમે કોઈ પણ ચૂંટાયેલા નેતાને કામ સોપજો બધાએ કામ કરવુંપડશે. કોઈથી ડરતા નહિ તમારું ના મને તો મને ફોન કરજો. બુથ સમિતિની ૧૩ સભ્યોની મીટીંગ આવતીકાલે જ બોલાવવાની છે. પેજ કમિટીનું દેશમાં ગુજરાત મોડેલ છે. વાદ વિવાદમાંથી બહાર આવી જાઓ. કોણ શું કહે છે એના પર ધ્યાન ન આપો, એની માનસિકતા સારી નહીં હોય. તમે માત્ર કામ કરવા પર ફોકસ કરો.

# ચલાલા : હરિબા મહિલા કોલેજ ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો










યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ – ચલાલા દ્વારા સંચાલિત હરિબા મહિલા કોલેજ ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં સંસ્થાના વડા ડો.રતિદાદા, ટી.ડી.ઓ. ભટ્ટ, ટી.પી.ઓ. અતુલભાઈ કાથરોટીયા, ચીફ ઓફિસર ભાવનાબેન ગોસ્વામી, અને જલ્પાબેન વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆત સૌ પ્રથમ દીપપ્રાગટયથી કરવામાં આવી હતી, ત્યારબાદ મહેમાનોનું સ્વાગત કરીને ટી.પી.ઓ. સાહેબે એ મતદાન જાગૃતિ વિષે માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમ કરી કોલેજની બી.એ., બી.કોમ. બી.સી.એ. અને સ્પોટસની દિકરીઓને ઈ.સી.એલ. વિડીયો કલીપ બતાવવામાં આવી હતી, અને કોલેજની વિદ્યાર્થીની મહેતા જાનવીએ મતદાન વિશે સ્પીચ આપીસ હતી. પછી ટી.ડી.ઓ.એ મતદાન વિષે સમજુતી આપી અને શપથ વિધિ કરાવી હતી. આચાર્ય સ્કાઉટ ગાઈડ સન્માનિત શીતલબેન મહેતાએ આભાર વિધિ વ્યકત કરી હતી. ત્યારબાદ બધાની સહી કરાવી હતી. કાયક્રમને સફળ બનાવવા ડાયરેકટર ભારત ભુષણ મહેશભાઈ મહેતા આચાર્ય શીતલબેન મહેતા તથા કોલેજના સમગ્ર સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.


શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
કમાણી સાયન્સ કોલેજ અને પ્રતાપરાય આર્ટસ કોલેજ
અમરેલી
સ્વનિર્ભર વિભાગ
GCAS પોર્ટલ ઓનલાઈન રજીસ્ટ્રેશન અને માર્ગદર્શન કેન્દ્ર
નોંધ H.S.C. નું પરિણામ બાકી હોય તેનું પણ રજીસ્ટ્રેશન થઈ શકશે.
કોર્ષ
ADMISSION OPEN 2024-2025
બી.સી.એ.
બી.એસ.સી.
એમ.એસ.સી.
એમ.એસ.સી.
નોંધ
ધોરણ ૧૨ ની પરીક્ષા આપેલ હોય તેમને B.C.A. અને B.Sc. (માઈક્રોબાયોલોજી)માં પ્રવેશ મેળવવા માટે તેમજ M.Sc.(કેમેસ્ટ્રી) અને M.Sc.(ફિઝીક્સ) માં પ્રવેશ મેળવવા માટે GCAS ઓનલાઈન ફોર્મ કોલેજ દ્વારા નિઃશુલ્ક માં ભરી આપવામાં આવશે.
સ્થળ :- કમાણી સાયન્સ બિલ્ડીંગ, કોમ્પ્યુટર લેબ નંબર-૧ સમય :- ૯ થી ૧
સંપર્ક
સ્વનિર્ભર કાર્યાલય,કમાણી સાયન્સ કોલેજ બિલ્ડીંગ, રૂમ નં.૪, વિદ્યાસભા સ્કૂલ ગેઈટથી અંદર, લાઠી રોડ, અમરેલી.
મો. ૯૨૭૫૨ ૪૨૭૧૮, ૯૦૩૩૨ ૨૪૯૨૭, ૯૭૧૨૩ ૪૯૫૫૩


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૪૫ | ૧૨૧૮ |
| ૨ | શિંગ મોટી | ૯૪૦ | ૧૨૩૧ |
| ૩ | શીંગદાણા ફાડા | ૧૩૪૫ | ૧૬૨૫ |
| ૪ | તલ સફેદ | ૧૩૨૫ | ૨૯૩૦ |
| ૫ | તલ કાળા | ૧૭૦૦ | ૩૧૬૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૨૦૦ | ૩૨૦૦ |
| ૭ | બાજરો | ૩૯૩ | ૫૨૪ |
| ૮ | જુવાર | ૪૨૫ | ૯૫૦ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૦૬ | ૬૭૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૫૦ |
| ૧૧ | અડદ | ૧૨૦૦ | ૧૭૦૫ |
| ૧૨ | ચણા | ૯૦૧ | ૧૧૯૧ |
| ૧૩ | ચણા દેશી | ૧૧૯૮ | ૧૨૨૫ |
| ૧૪ | તુવેર | ૧૨૦૦ | ૨૧૫૧ |
| ૧૫ | કપાસ | ૧૦૩૯ | ૧૫૬૫ |
| ૧૬ | એરંડા | ૧૦૫૦ | ૧૧૧૨ |
| ૧૭ | જીરૂ | ૩૪૦૦ | ૪૫૨૫ |
| ૧૮ | રાયડો | ૮૪૨ | ૯૨૮ |
| ૧૯ | રાય | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૨૦ | ધાણા | ૧૨૦૦ | ૧૬૭૫ |
| ૨૧ | ધાણી | ૧૨૫૫ | ૨૦૭૦ |
| ૨૨ | અજમા | ૧૬૨૫ | ૨૬૦૦ |
| ૨૩ | મેથી | ૯૩૦ | ૧૦૦૮ |
| ૨૪ | સોયાબીન | ૮૫૦ | ૯૨૩ |
| ૨૫ | મરચા લાંબા | ૭૧૦ | ૪૯૧૦ |
| ૨૬ | સુવાદાણા | ૭૭૫ | ૮૦૦ |


''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


## પાના ૮ ઉપરનું ચાલું સુપરવાઈઝરની ફરજમાં રૂકાવટ કરાઈ

ચોરી કરી ડમ્પર નં. જી.જે.–૦૯ ઝેડ ૨૬૮૯માં ભરી તેની હેરફેર કરી, લાઠી રોડ પર આવેલ બજરંગ કોટનમાં ખાલી કરી પોતાના કબ્જા હવાલાનું ડમ્પર પુર ઝડપે, બેદરકારી અને બેફિકરાઈથી ચલાવી તથા એક અજાણ્યા આરોપીએ તા. ૯ ના બપોરના ૧૨ થી ૧ વાગ્યા દરમ્યાન અમરેલી ખાતે આવેલ ખાણ ખનીજની ઓફિસમાં આવી માઈન્સ સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા હિતેન્દ્રસિંહ અજીતસિંહ રાયજાદાને જોઈ લેવાની અને તેની સામે એટ્રોસીટીની ખોટી ફરિયાદ કરવાની ધમકી આપી માઈન્સ સુપરવાઈઝરની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી હાની પહોંચાડવાની ધમકી આપ્યાની ફરિયાદ હિતેન્દ્રસિંહ અજીતસિંહ રાયજાદાએ પોલીસમાં નોંધાવી છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૨ | તલ પીળા | ૩૩૦૦ | ૩૩૦૦ |
| ૩ | તલક કાળા | ૨૧૦૦ | ૨૬૨૦ |
| ૪ | કપાસ | ૧૧૦૦ | ૧૫૨૮ |
| ૫ | બાજરો | ૪૬૦ | ૫૬૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૮૫ |
| ૭ | જુવાર | ૪૦૧ | ૮૭૦ |
| ૮ | મકાઈ | ૪૭૦ | ૫૪૬ |
| ૯ | તુવેર | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૧૦ | ચણા | ૭૫૦ | ૧૧૪૮ |
| ૧૧ | એરંડી | ૯૦૦ | ૧૦૨૧ |
| ૧૨ | અજમા | ૧૭૨૫ | ૨૦૦૦ |
| ૧૩ | રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૪ | તકમરીયા | ૪૦૧૧ | ૪૦૧૧ |
| ૧૫ | સોયાબીન | ૮૨૫ | ૮૨૫ |
| ૧૬ | ધાણા | ૧૪૦૧ | ૧૮૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૨૫ | ૧૧૯૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૮૦ | ૧૨૧૮ |
| ૩ | તલ સફેદ | – | ૨૫૯૯ |
| ૪ | તલ કાળા | – | ૨૮૯૦ |
| ૫ | જીરૂ | ૩૦૦૦ | ૪૪૫૧ |
| ૬ | કપાસ | ૧૩૦૦ | ૧૫૦૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૪૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૩૫ | ૫૭૦ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૫૦૧ |
| ૧૦ | જુવાર | ૪૫૦ | ૮૩૫ |
| ૧૧ | મકાઈ | ૫૦૦ | ૬૦૧ |
| ૧૨ | ચણા છોલે | ૧૭૦૦ | ૨૦૦ |
| ૧૩ | ચણા | ૧૦૯૦ | ૧૨૦૧ |
| ૧૪ | ચણા દેશી | ૧૦૫૦ | ૧૩૮૦ |
| ૧૫ | તુવેર | ૧૫૦૦ | ૧૭૫૧ |
| ૧૬ | એરંડી | ૧૦૬૦ | ૧૧૪૦ |
| ૧૭ | મેથી | ૯૦૦ | ૧૧૧૧ |
| ૧૮ | રાય/રાયડો | ૮૫૦ | ૧૨૩૦ |
| ૧૯ | ધાણા | ૧૪૦૦ | ૧૭૦૧ |
| ૨૦ | સોયાબીન | ૮૫૦ | ૮૬૮ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૫ | ૧૫૭૫ |
| ૨ | તુવેર | ૧૩૪૫ | ૧૯૨૫ |
| ૩ | ઘઉં | ૪૬૦ | ૫૭૦ |
| ૪ | ચણા | ૧૧૧૯ | ૧૧૮૧ |
| ૫ | જીરૂ | ૩૯૨૫ | ૪૪૭૫ |
| ૬ | ધાણા | ૧૨૩૦ | ૧૮૦૦ |
| ૭ | મેથી | ૯૨૦ | ૧૦૩૦ |
| ૮ | રાઈ | ૯૩૦ | ૧૧૬૦ |
| ૯ | એરંડા | ૧૦૧૧ | ૧૦૮૯ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૮૧ | ૧૫૩૦ |
| ૨ | જુવાર સફેદ | ૮૩૧ | ૮૩૧ |
| ૩ | ચણા | ૧૧૨૫ | ૧૧૩૧ |
| ૪ | એરંડા | ૧૦૭૦ | ૧૦૯૭ |
| ૫ | તુવેર | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ૬ | તલ | ૨૩૦૧ | ૨૩૦૧ |
| ૭ | જીરૂ | ૪૫૬૫ | ૪૫૬૫ |
| ૮ | સોયાબીન | ૭૮૬ | ૭૮૬ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૧૪ | ૧૩૫૫ |
| ૨ | મગફળી | ૧૦૨૭ | ૧૧૦૦ |
| ૩ | ઘઉં | ૪૭૦ | ૫૪૪ |
| ૪ | ચણા | ૧૧૩૦ | ૧૧૩૫ |
| ૫ | દેશી ચણા | ૧૨૩૩ | ૧૨૩૩ |
| ૬ | ધાણા | ૧૦૮૦ | ૧૨૯૦ |
| ૭ | એરંડા | ૧૧૦૫ | ૧૧૦૫ |
| ૮ | જીરૂ | ૪૧૨૫ | ૪૧૨૫ |
| ૯ | સોયાબીન | ૮૩૦ | ૮૩૦ |
| ૧૦ | તુવેર | ૧૭૫૦ | ૧૮૮૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૬૭ |
| ૨ | ચણા | ૧૭૫૨ | ૧૧૩૯ |
| ૩ | શીંગદાણા | ૧૩૪૫ | ૧૩૪૫ |
| ૪ | ચણા સફેદ | ૮૯૫ | ૧૦૮૫ |
| ૫ | ધાણા | ૯૦૦ | ૧૩૨૫ |
| ૬ | ઘઉં લોકવન | ૩૯૮ | ૪૯૬ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૧૫ | ૫૧૮ |
| ૮ | જીરૂ | ૨૮૦૦ | ૪૧૨૫ |
| ૯ | મગફળી | ૧૧૨૦ | ૧૧૩૧ |
| ૧૦ | મેથી | ૯૮૦ | ૧૦૧૨ |
| ૧૧ | એરંડી | ૧૦૦૨ | ૧૦૦૨ |
| ૧૨ | રાયડો | ૯૦૦ | ૯૦૦ |

## પાના ૮ ઉપરનું ચાલું મિત્રતા બાંધી દુષ્કર્મ કરાયું

ગત તા. ૬/૫/૨૩ ના સવારનાં આશરે સાડા દસેક વાગ્યાથી તા. ૬/૪/૨૪ ના રાત્રીના સાડા દસેક વાગ્યા સુધીના સમય દરમ્યાન તેણીને મળવાના બહાને અમરેલીમાં આવેલ એક હોટલમાં લઈ જઈ તેણીને તેના મોબાઈલમાં અગાઉના ફોટાઓ બતાવી તેણીને બ્લેક મેઈલ કરી શારીરિક છેડતી કરી બે વખત બળ જબરીપુર્વક શરીર સબંધ બાંધી બળાત્કાર ગુજારી અને તે અંગત પળોના વિડીયો ઉતારી લઈ સોશ્યલ મિડીયામાં યુવતીના પરિવારના સભ્યોને તે નિર્વસ્ત્ર વિડીયો તથા ફોટાઓ તેના મો.નં. ૭૫૭૪૯ ૯૨૦૯૭ ઉપરથી વાયરલ કરી તથા ફોન ઉપર તેણીને તથા તેણીના પરિવારને જાનથી મારી નાખવાની ધમકીઓ આપ્યાની ફરિયાદ ભોગ બનનાર યુવતીએ પોલીસમાં નોંધાવી છે.

## પાના ૮ ઉપરનું ચાલું મોસાળે જમણ અને મા પિરસનાર

રેલ્વે લાઈન નાખવામાં આવે અને અહીંયા લાંબા અંતરની પેસેન્જર ટ્રેન આપવામાં આવે તો આ વિસ્તારમાં ધંધા–રોજગાર અને પરિવહનને વેગ મળે. અહીંની મહાકાય કંપનીઓમાં હજારો લોકો દેશના અન્ય રાજયોમાંથી ધંધા– રોજગાર અર્થે આવ્યા છે. ત્યારે તેમને સારામાં સારી પરિવહન સેવા મળે. આ ઉપરાંત આ વિસ્તારના ખાણકી ઉદ્યોગ વર્ષો પુરણો છે ત્યારે તેને પ્રોત્સાહન મળે તો દેશ–વિદેશમાં તેની માંગ છે અને આ વિસ્તારના લોકોને સ્વરોજગરીની તકો મળે.

આ પ્રવાસમાં જોડાયેલા જીલ્લા કોંગ્રેસના પ્રમુખે જણાવ્યુ કે, રાજુલા પંથકમાં કોપર કંપનીઓ આવે છે અને તેની સામે સ્થાનિકોનો વિરોધ છે તેવા સમાચારો અખબારોમાં વાંચ્યા છે. ત્યારે હું કેન્દ્ર અને રાજય સરકારને કહેવા માંગુ છું કે આવી કંપનીઓ ગુજરાતના કોઈ પણ ખુણે બનતી હોય તેમાં સ્થાનિક લોકોનો અભિપ્રાય હોય તો આવી કંપનીઓને મંજૂરી આપવી જોઈએ અને હાલમાં જે લોકો આ કંપનીનો વિરોધ કરી રહ્યા છે તેમને યોગ્ય ન્યાય મળે તેવી અમારી લાગણી છે અને સાથે સાથે આ વિસ્તારના ખેડૂતોને પોતાની ઉપજનો પુરતો માવ મળે જેથે ખેતી અને ખેડૂત સમૃધ્ધ થઈ શકે.

પ્રદેશ કોંગ્રેસના ડેલીગેટ અને જિલ્લા પંચાયત બાંધકામ સમિતીના પૂર્વ ચેરમેન અને ટીકુભાઈ વરૂએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસના સમયમાં ૩૭૦ નોરાંધણગેસનો બાટલો મળતો હતો તે ભાજપ સરકારે ૧૧૦૦નો કર્યો, ખાતર–દવા–બિયારણ પણ મોંઘા કર્યા, ખેડૂતોને પોતાની ઉપજ ના પુરતા ભાવ ભળતા નથી લોકો ખેતી છોડી રહ્યા છે. ત્યારે કોંગ્રેસ દ્વારા જાહેર કરવામાં આવેલા ચૂંટણી ગેરંટીને ટીકુભાઈ વરૂએ વાંચી સંભળાવ્યો હતો. જેમાં યુવાનો માટે કેન્દ્ર સરકારના સરકારી વિભાગોમાં ૩૦ લાખ નોકરીઓની જગ્યા ખાલી છે તે સરકાર આવતા તુરંત ભરવામાં આવશે.૨૫ વર્ષથીઓછી ઉંમરના યુવાનો ગ્રેન્જયુએટ અને ડીપ્લોમાં ડીગ્રી ધારકોને એપ્રેન્ટીશ એકટ મુજબ ૧ વર્ષ સુધી રૂા. ૧ લાખ આપવામાં અવશે અને અગ્નિપથ યોજનામાં ૪ વર્ષની નોકરી આપવામાં આવે છે તે પુનઃ જુની પધ્ધતી મુજબ કરવામાં આવે છે. સરકારી નોકરીઓમાં પેપર લીક થાય તેની સામે સખત કાયદો, **ખેડૂતો :** ખેડૂતો માટે જણસીના ભાવની મીનીમમ ગેરંટી એટલે એમ.એસ.પી.ની કાનૂની ગેરંટી,ખેડૂતોનું દેવા માફી, ખેડૂતોનું બિયારણ, દવા અને ખેતીના સંસાધનોમાં જી.એસ.ટી.માંથી મુકિત, **બહેનો માટે :** ગરીબ પરિવારની મુખ્ય બહેનને વાર્ષિક રૂા.૧ લાખ અને સરકારી નોકરીમાં ૫૦% આરક્ષણ, **મજુરો માટે :** મનરેગા અંતર્ગત થતા રાહત કામોમાં રૂા. ૪૦૦ સુધી રોજી કરવામાં આવશે.,જોમેટો, સ્વીગી, કુરીયર જેવી કંપનીમાં કામ કરવાવાળા લોકોને સામાજિક સુરક્ષા આપવામાં આવશે અને રૂા. ૨૫ લાખ સુધી આરોગ્ય સેવાઓ અને દવા આપવામાં આવશે. **ન્યાય :** આર્થિક અને જાતીગત જન સંખ્યા ગણના થશે.જલ–જંગલ–જમીન કાનૂની હકક વન અધિકારવાળા કાનુન ૧ વર્ષમાં ફેસલો, વન અધિકાર અધિનિયમ લાગુ કરવામાં આવશે, આદિવાસીત બહુમતિવાળા વિસ્તારોમાં અધીસુચિત થાશે.

તાલુકા કોંગ્રેસના ગાંગાભાઈ હડીયાએ જણાવ્યુ કે, અમરેલી લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર બહેન છે. ત્યારે આપણી મા–બહેન અને દીકરીઓએ આપણી દીકરી ચૂંટણી લડવા આવી છે તેમ માની અને મતદાન કરવાનું છે. અમરેલી જિલ્લાના પ્રશ્નો લોસભામાં સારી રીતે ઉઠાવી શકે તેવા શિક્ષિત અને વિદેશમાં અભ્યાસ કરેલા જેનીબેન ઠુમ્મર ખેડૂતો, વેપારીઓ, યુવાનો, બહેનો અને આરોગ્ય અને શિક્ષણના પ્રશ્નને દિલ્હીના દરબારમાં સારી રીતે સંસદભવન ગજવી શકે તેવા ઉમેદવાર છે. માટે તો એને જંગી બહુમતીથી વિજય બનાવવા અપીલ છે.

આ પ્રવાસમાં જેનીબેન ઠુમ્મર સાથે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, ટીકુભાઈ વરૂ, ગાંગાભાઈ હડીયા, જિલ્લા પંચાયત વિરોધ પક્ષના નેતા જે.ડી. કાછડ, અબ્દુલભાઈ સેલોત, હિતેશભાઈ, બી.પી. વડલી, રવિભાઈ ધાકડા માયાભાઈ ગુર્જર, નીતિનભાઈ સાવલિયા, નાગજીભાઈ સાવલિયા, નીતિનભાઈ, ધીરૂભાઈ રાદડિયા, ભરતભાઈ ખાલસા કંથારીયા, મગનભાઈ રાદડિયા કોળી કંથારીયા, નજુભાઈ, દિલુભાઈ, જયરાજભાઈ, અજયભાઈ, મનુભાઈ, ધનાભાઈ નકુમ, સરપંચ ચીતરભાઈ કાળુભાઈ, પૂર્વ સરપંચ મંગળુભાઈ વાળા બાબરા, બીજલભાઈ કાતરીયા આહીર સમાજ આગેવાન, ઉમેશભાઈ કલસરિયા, બાબુભાઈ હડિયા, મનુભાઈ વલ્લભભાઈ ચોટાળા, હાથીભાઈ ખુમાણ, માધાભાઈ હરપાલભાઈ, રંજનબેન સહિત વિશાળ સંખ્યામાં બહેનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## રાજય સરકાર દ્વારા સત્તાવાર રીતે જાહેરાત કરવામાં આવી

# અમરેલીનું દેવળીયા ગામ હવે, દેવભુમિ દેવળીયાથી ઓળખાશે

### ગામનાં મહિલા સરપંચ અને તેના પતિની રજુઆત બાદ રાજય સરકારે કર્યો નિર્ણય

### ગામમાંથી થોડા મહિનાઓ પહેલા જમીનમાંથી શિવ મંદિર અને વાવ મળી આવેલ

### ગામમાંથી પૌરાણિક મંદિર મળી આવ્યા બાદ નાનુ એવું ગામ દેશભરમાં પ્રચલિત બન્યું

### શિવ મંદિર મળી આવતા ગામમાં વિકાસનાં દ્વાર પણ ખુલ્લી ગયા

અમરેલી, તા.૧૦

અમરેલી નજીક આવેલ દેવળીયા ગામનું નામકરણ દેવભુમિ કરવા માટે રાજય સરકારે સત્તાવાર જાહેરાત કરતાં સમસ્ત ગામજનોમાં ખુશીનો માહોલ છવાયો છે. અને ગામનાં નામ આગળ દેવભુમિ જોડવા બદલ સમસ્ત ગામજનોએ ગામનાં સરપંચ અને તેમના પતિ નાથાલાલ સુખડીયાને અભિનંદન પાઠવ્યા હતા.

દેવળીયા ગામે એક ખોદકામ દરમિયાન પૌરાણિક શિવ મંદિર અને વાવ થોડા મહિનાઓ પહેલા મળી આવ્યા બાદ નાનકડુ એવું દેવળીયા ગામ દેશભરમાં પ્રચલિત બન્યું હતું. સંતો, મંહતો, ઈતિહાસકારો અને શિવભકતો મોટી સંખ્યામાં ગામની મુલાકાત લઈને પૌરાણિક શિવમંદિરનાં દર્શન કરી ધન્યતા અનુભવી રહયા છે.

દરમિયાનમાં ગામનાં મહિલા સરપંચ અને તેમનાં પતિ નાથાલાલ સુખડીયાએ ગામનાં નામની આગળ દેવભુમિ લગાવવા અને ગામનું ''દેવભુમિ દેવળીયા'' નામ કરવા સ્થાનિક ગામ પંચાયતમાં ઠરાવ કરી બાદમાં વહીવટી પ્રક્રિયા શરૂ કરાવીને છેક રાજય સરકાર સુધી રજુઆત કરતાં અંતે રાજય સરકારે ''દેવભૂમિ દેવળીયા'' નામની સત્તાવાર જાહેરાત કરતા સમસ્ત ગામજનોમાં ખુશીનો માહોલ છવાયો છે.

## જિલ્લા કોંગી પ્રમુખ શાંતિલાલ રાણવા રોષે ભરાયા

## અમરેલીનાં લોકસભા બેઠકનાં કોંગી ઉમેદવાર જેનીબેન ઠુંમરના અપમાનથી રોષ

### જિલ્લાની નારી શકિતને અપમાનનો બદલો લેવા અપીલ

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ શાંતીલાલ રાણવાની યાદી જણાવે છે કે સાવરકુંડલાના ધારાસભ્યના બફાટથી જિલ્લાભરમાં રોષની લાગણી જન્મી છે. કોંગ્રેસના લોકસભાના ઉમેદવાર જેનીબેન ઠુંમર માટે જાહેર સભામાં લોકો પાસે તાળીઓ પડાવીને પપ્પા લડયા, મમ્મી લડયા, દિકરી લડે અને ૨૦૨૯માં જમાઈ લડશે તેવી બેહુદી અને અપમાન જનક વાત કરીને તેઓ શું સાબિત કરવા માંગતા હતા તે સમજાતુ નથી પોતાની જાતને બહુ હોશીયાર સમજતા આ ધારાસભ્યએ પોતાની ઈમેજ ને ઠેંસ પહોંચાડીને જિલ્લાની છાપ હલકી પાડી છે તાળીઓ પડાવવી અને છેક જમાઈ સુધી ટીપ્પણી કરવી એ ઘોર અપમાન છે આ માટે ધારાસભ્યએ જાહેરમાં જેનીબેનની માફી માંગવી જોઈએ. જિલ્લાભરની નારીશકિત આ બાબતે રોષ પુર્ણ વિરોધ વ્યકત કરી, બડબોલા ધારસભ્યની શાન ઠેકાણે લાવે તેમજ જિલ્લાના તમામ મતદારો ભાજપની આવી હલકી રાજનીતી સામે તા. ૭મી મેના રોજ કોંગ્રેસના સમર્થનમાં જંગી મતદાન કરીને જેનીબેન ઠુંમરને જીતાડવાનો સંકલ્પ લે તેવી હાકલ રાણવાએ કરેલ છે. ધારાસભ્યને કરેલ આ ટીપ્પણી તથા ધોડા ઉપર બેસવાની ટીપ્પણી માટે જેનીબેનનું અપમાન કરેલ છે તે બદલ ફોજદારી રાહે પગલા લેવા કોંગ્રેસ પાર્ટી વિચારે તેવી પણ માંગણી કરેલ છે.

## બાબરા શહેર યુવા ભાજપ પ્રમુખ હરેશભાઈ આખજાના કાકાનું નિધન

બાબરા, તા. ૧૦



બાબરા શહેર યુવા ભાજપના પ્રમુખ હરેશભાઈ આખજા ના સગા કાકા સ્વ. સવજીભાઈ બાવાભાઈ આખજાનું ૬/૪/૨૪ ને શનિવાર ના રોજ દુઃખદ અવસાન થતાં પટેલ સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ હતી. સદ્ગતની સ્મશાનયાત્રા માં મોટી સંખ્યામાં પાટીદાર સમાજના અગ્રણીઓ તેમજ સ્થાનિક ભાજપના અગ્રણીઓ જોડાયા હતા સદ્ગત ને શ્રધ્ધાસુમન અર્પણ કરી પરિવારને સાંત્વના પાઠવી હતી. સદ્ગતનું બેસણું બાબરા ખાતે તા ૧૧/૪/૨૪ ને ગુરૂવારના રોજ કારેટિયા નગરમાં આવેલ સમાજની વાડી ખાતે સવાર ના ૯ થી સાંજ ના ૫ વાગ્યા સુધી રાખેલ છે.

### વર્ષોથી રાજકોટ સ્થાયી હતા

## અમરેલીના નાગનાથ મહાદેવનાં પરમ ભકત પ્રવિણભાઈ ભાડલિયાનું નિધન

### નાગનાથનાં ભકતોએ શોકાંજલિ પાઠવી

અમરેલી, તા.૧૦

પ્રવિણ એન્જીન્યરીંગવાળા પ્રવિણભાઈ ભાડલિયાનું (ઉ.વ.૮૩) રાજકોટ મુકામે દુઃખદ અવસાન થયેલ છે. પ્રવિણભાઈ અમરેલીના નાગનાથ મંદિરના અનન્ય ઉપાસક હતા. અને તેઓએ ધંધાને અનુલક્ષી રાજકોટ સ્થાયી થયા ત્યારે નાગનાથ મંદિરમાં બપોરનાં જે થાળ ધરાય છે. તે આજીવન તેમના તરફથી બેંકમાં પૈસા ડોપોઝીટ કરી અને થાળનાં પૈસા ચુકવાય છે. અને નાગનાથદાદાનાં થાળનાં વાસણો ચાંદીનાં જે તે વખતે નાગનાથ મંદિરને ભેટમાં આપેલ છે. અને અમરેલીમાં અનેક નાના ગરીબ માણસોનું ખુબજ ધ્યાન રાખતા ત્યારે અમરેલીનાં નાગનાથ ભકતોને તેમની ખોટ પડેલ છે. અને તેમનાં પરિવારને કલ્પનાંપણ ન કરીશકી એ તેવી ખોટ પડેલ છે. અને તેમના દિકરા જતીનભાઈ આશીષભાઈ પુત્રવધુ પાયલબેન જલ્પાબેન તથા દિકરી ડીમ્પલબેન તથા જમાઈ બિપીનભાઈ ખુબ સેવા કરેલ છે.

## પાણી-પુરવઠા વિભાગની ઘોર બેદરકારી

## લ્યો બોલો : ઉનાનાં નવા બંદર ગામે ભર ઉનાળે પાણીનો વેડફાટ જોવા મળ્યો

### પાણીનાં ટાંકામાંથી હજારો લિટર પાણી વેડફાઈ રહ્યું છે



તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના.

ઉના, તા. ૧૦

ઉનાના નવાબંદર ગામે ગુ.પા.પુ.અને ગુ.વ્ય.બોર્ડ ઉના દીવ સુધારણા પાણી પુરવઠા યોજના વિભાગના ટાંકામાંથી હજારો લીટર પાણીનો વેડફાટ થતો જોવા મળ્યો હતો દર વર્ષે ગામડા શહેરોમાં ભર ઉનાળો શરૂ થતાની સાથે પાણીની બૂમા બૂમ શરૂ થઈ જાય છે પાણીની બચત કેવી રીતે કરવી પાણીનો બગાડ ન કરવાના તંત્ર દ્વારા સૂચનો કરવામાં આવતા હોય છે પણ તંત્ર જ બેદરકારી દાખવતુ હોય તો ક્યાં ફરિયાદ કરવી આવો જ એક બનાવ ઉનાના નવા બંદર ગ્રામ પંચાયતની હદમાં આવેલ ગુજરાત પાણી પુરવઠાના ઉના દિવ જૂથ સુધારણા પાણી પુરવઠા યોજનાના ટાંકામાંથી લાખો લીટર પાણીનો વેડફાટ થતો જોવા મળ્યો હતો. ભર ઉનાળે ગરમીમાં જયારે નવા બંદર ગામના લોકોને ત્રણથી ચાર દિવસે પીવા માટે પાણી મળે છે ત્યારે આ પાણીનો ટાંકો ભરવા માટે શરૂ કર્યા બાદ પાણીની લાઈન બંધ કરવા માટે કોઈ જવાબદાર વ્યક્તિ સ્થળ ઉપર પણ ન હોવાથી આ પાણીના ટાંકા માંથી હજારો લીટર પાણીનો વેડફાટ જોવા મળ્યો હતો. પાણી પુરવઠા વિભાગની અને તંત્રની બેદરકારીને લીધે હજારો લીટર પાણીનો વેડફાટ થતા આસપાસના વિસ્તારમાં ભર ઉનાળે ચોમાસા જેવી સ્થિતિ જોવા મળી હતી આ અંગે પાણી પુરવઠા અધિકારી એલ.એસ. સોનાગરા સાથે વાત કરતા જણાવ્યું હતું કે પાણીનો વાલ્વ શરૂ બંધ કરવા માટે સાતથી આઠ ગામ વચ્ચે એક જ વ્યક્તિ છે.

### જિલ્લા ઉપપ્રમુખ શાંતિલાલ રાણવા દ્વારા

## અમરેલી જિલ્લા અનુ.જાતિ કોંગ્રેસ દ્વારા હોદ્દેદારોની બેઠકનું આયોજન


### આજે કિસાન ફાર્મ ખાતે બેઠક યોજાશે

અમરેલી, તા. ૧૦



અમરેલી જિલ્લા કોંગ્રેસનાં ઉપપ્રમુખ શાંતિલાલ રાણવાની યાદી જણાવે છે કે, જિલ્લા અનુ.જાતિ મોરચાના પ્રમુખ હસુભાઈ બગડાનાં અધ્યક્ષ સ્થાને એક બેઠકનું આયોજન તા. ૧૧/૪/૨૦૨૪નાં રોજ કિસાનફાર્મ ખાતે કરેલ છે. જેમાં જિલ્લાભરનાં ૧૦૦ જેટલા મુખ્ય હોદેદારો, આગેવાનો હાજર રહીને કોંગ્રેસનાં લોકસભાના ઉમેદવાર જેનીબેન ઠુંમરને જીતાડવા ચૂંટણી પ્રચારની વ્યવસ્થા ગોઠવાશે. જિલ્લાભરનાં ૪૬૨ ગામોમાં દલિતોની વસ્તી છે. આ વસ્તીમાં દરેક ગામ વાઈઝ દલિતવાસની મતોની જવાબદારીઓ નકકી કરીને ૧૦૦% મતદાન કોંગ્રેસ તરફ કરવાનું આયોજન થશે. આ બેઠકમાં વરિષ્ઠ આગેવાનો કે.કે. વાળા, અરવિંદભાઈ સીતાપરા, વિરજીભાઈ પરમાર, પ્રહલાદ સોલંકી, ડી.ડી. પરમાર, મેઘજીભાઈ ચુડાસમા, ભીખુભાઈ પરમાર, રમેશભાઈ પરમાર સહિત તમામ આગેવાનો હાજર રહેશે. આ કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસનાં નવનિયુકત ઉપપ્રમુખ શાંતિલાલ રાણવાનું સન્માન કરવામાં આવશે. જિલ્લાભરનાં દલિતોને ખાસ કરીને બાબાસાહેબનાં સંવિધાનને નાબૂદ કરવું, અનામત હટાવવી તથા અસ્પૃશ્યતા, અત્યાચાર ઉપરાંત મોંઘવારી, બેરોજગારીના મુદાઓ અંગે સરકારની નીતિ-રીતિથી વાકેફ કરીને ભાજપને જાકારો આપવા આહવાન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, માજી સાંસદ-ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમર, માજી ધારાસભ્ય-વિરોધપક્ષનાં નેતા પરેશભાઈ ધાનાણી, માજી ધારાસભ્ય ઠાકરશીભાઈ મેતલીયા, નરેશભાઈ અધ્યારૂ માર્ગદર્શન આપી રહ્યા છે. તેમ એક યાદીમાં જણાવેલ છે.

## શ્રધ્ધાંજલિ



### અ.નિ.વિનુભાઈ કાહ્યાભાઈ દેવાણી

(અ.નિ. તા. ૬/૪/૨૦૨૪, શનિવાર.ઉ.વ.૬૮)

*॥ जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ॥*

આપણા શેખપીપરિયા ગામનાં પનોતાપુત્ર શેખપીપરિયા રત્નસમાન, વતનપ્રેમી, શિક્ષણપ્રેમી, પર્યાવરણપ્રેમી, સ્વામીનારાયણ ગુરૂકુળનાં પરમ સેવક, સત્સંગી **આદરણીય વિનુભાઈ દેવાણી** બાળપણથી જ ગુરૂકુળ પરંપરાથી ઘડાયેલા આદર્શ સંસ્કારોથી સિંચીત વિનુભાઈનો અક્ષરવાસ થવાથી આજ ન પુરી શકાય તેવી ખોટ પડી છે. પરંતુ તેના ઉચ્ચતમ ગુણોને આજે વાગોળવા પડે તેમનું શિક્ષાપત્રીથી સંસ્કારીત થયેલું જીવન, સિધ્ધાંતો, સેવા પ્રવૃતિ, શિસ્તના આગ્રહી હતા. તેમનો શેખપીપરિયા ગામ પ્રત્યેનો વતનપ્રેમ કે, જેમણે સ્વર્ણિમ શેખપીપરિયા ગોકુળિયું ગામ બનાવવા સન્નિષ્ઠ પ્રયત્નો કર્યા જીવનના અનેક કષ્ટદાયી રાહ પર ચાલી આપે વ્યવસાય ક્ષેત્રે સિધ્ધીઓ મેળવી હતી. વતનમાં શિક્ષણક્ષેત્રે, પર્યાવરણક્ષેત્રે, જળસંચય, ગૌસેવા તેમજ સમાજસેવામાં અનેરૂ યોગદાન આપેલ છે. જે શેખપીપરિયા ગામ સદાય આપને યાદ કરશે. ''ઘસાઈને ઉજળા થઈએ'' એ સૂત્રને સાર્થક કરવા વતન માટે કરેલા કાર્યો સદાય અવિસ્મરણીય રહેશે. અ.નિ.વિનુભાઈને પરમ કૃપાળુ સુખનાથ મહાદેવ તથા ભગવાન શ્રી સ્વામીનારાયણ પોતાના ધામમાં સેવાકાર્યનું અખંડ સુખ આપે તેમજ તેમના પરિવારને આ દુઃખ સહન કરવા પરમ ધૈર્ય અને આત્મબળ આપે એવી પ્રાર્થના સહ અશ્રૂભીની શ્રધ્ધાંજલિ...

લી.

પ્રમુખશ્રી શિશુમંદિર ટ્રસ્ટ
તથા ટ્રસ્ટી મંડળ
શેખપીપરિયા તા.લાઠી

પ્રમુખશ્રી સુખનાથ જલધારા
અને ગ્રામ વિકાસ ટ્રસ્ટ (ગૌશાળા)
તથા ટ્રસ્ટી મંડળ, શેખપીપરિયા તા.લાઠી

પ્રમુખશ્રી સુખનાથ ચેરીટેબલ ટ્રસ્ટ
તથા ટ્રસ્ટી મંડળ (પટેલ સમાજ વાડી)
શેખપીપરિયા તા.લાઠી

સરપંચશ્રી,
શેખપીપરિયા ગ્રામ પંચાયત
તથા સભ્યશ્રીઓ
તથા (ગ્રામ પંચાયત પરિવાર-શેખપીપરિયા)

સમસ્ત શેખપીપરિયા ગામ પરિવારના જય શ્રી સ્વામિનારાયણ..

# મહુવાનાં ગ્રામ્ય વિસ્તારમાં કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુંમરનું અદ્કેરૂ સ્વાગત






અમરેલી જિલ્લાનાં સરહદે આવેલ લોકસભા વિસ્તાર મહુવાનાં નેસવડ ગામે કોંગ્રેસ પક્ષના મહિલા અને શિક્ષિત ઉમેદવાર જેનીબેન ઠુંમરનું ઢોલ-નગારા સાથે મહિલાઓ, વડીલો અને યુવા મતદારો દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ તકે જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાત, તાલુકાના કોંગી આગેવાનો અને આમ આદમી પાર્ટીનાં આગેવાનો પણ ઉપસ્થિત રહયા હતા. જેનીબેન ઠુંમરે ખેડુતોને એમએસપી આપવા શિક્ષણ આરોગ્ય અને રોજગારીની સુવિધા આપવાની ખાત્રી આપી હતી.

## રાજુલા પંથકમાં લોકસભાનાં કોંગી ઉમેદવારની સટાસટી

# મોસાળે જમણ અને મા પિરસનાર છતાં અન્યાય કેમ : જેની ઠુંમર

વિશ્વ વંદનીય પૂ. રમેશભાઈ ઓઝાની જન્મભૂમિને નમન કરતાં કોંગી ઉમેદવાર

મારા હસ્તે ભગવાન શ્રીકૃષ્ણનાં કર્મનાં સિધ્ધાંત પ્રમાણે સારા કર્મ થાય તેવી પ્રાર્થના : જેની ઠુંમર

રાજુલાનાં પથ્થર ઉદ્યોગને પ્રોત્સાહન મળે તો હજારો પરિવારોને રોજગારી મળી શકે તેમ છે

ઉદ્યોગોમાં સ્થાનિક યુવાનો માટે ૬૦ ટકા જગ્યા ભરવા પણ કોંગી ઉમેદવારે માંગ કરી



રાજુલા, તા. ૧૦

રાજુલા-જાફરાબાદ વિસ્તારનાપ્રવાસેઅમરેલીલોકસભાના કોંગ્રેસના મહિલા અને શિક્ષત ઉમેદવાર જેનીબેન ઠુમ્મર લોકોના આશિર્વાદ મેળવવા ગયા હતા. ત્યારે તેમણે વિશ્વ વંદનિય પૂ. રમેશભાઈ ઓઝાની જન્મભૂમિને નમન કરી અને આશિર્વાદ માંગુ છે કે ભગવાન શ્રી કૃષ્ણના કર્મના સિધ્ધાંત મુજબ મારા હાથે લોકોના કલ્યાણના અને આ વિસ્તારના વિકાસ કામો થાય તેવા લોકો પાસે આશીર્વાદ લેવા આવી છુ.

જેનીબેન ઠુમ્મરે રાજુલાનાં મહત્વનાં પ્રશ્ને લોકો સાથે સંવાદ કર્યો હતો તેમાં જણાવ્યુ હતુ કે આપણે મોસાળ માં કે મામાના ઘરે ગયા હોય અને આપણી જ મા પીરસવામાં હોય ત્યારે જમવાના ભાણામાં કાંઈ નો ઘટે ત્યારે પંચાયતથી લઈ અને પાર્લામેન્ટ સુધી ભાજપનું સાશન છે અને તેમાં સરકારનું પ્રતિનીધીત્વ બે-બે મહત્વના ગુજરાતીઓ કરી રહ્યા છે. ત્યારે રાજુલાને રેલ્વે ક્ષેત્રે હળહળતો અન્યાય થઈ રહ્યો છે.

બર્બટાણાથી રાજુલા સુધી

અનુસંધાન પાના ૬ ઉપર

### રોહિતકુમાર કલ્તા નામનાં ઈમસ સામે ફરિયાદ

## અમરેલીનાં ગ્રામ્ય વિસ્તારની યુવતી સાથે મિત્રતા બાંધી દુષ્કર્મ કરાયું

### ભોગ બનનારનાં પરિવારને ધમકી આપી

અમરેલી, તા. ૧૦

રોહીતકુમાર ચાંચલ કલ્તા, ઓડીશા વાળા નામના ઈસમે અમરેલી નજીક આવેલ ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ૨૮ વર્ષિય યુવતિ સાથે ફ્રેન્ડશીપ રાખી

અનુસંધાન પાના ૬ ઉપર

### અજાણ્યા ડમ્પર ચાલક દ્વારા

## અમરેલીનાં ખાણ-ખનિજ વિભાગનાં સુપરવાઈઝરની ફરજમાં રૂકાવટ કરાઈ

### પોલીસે ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી શરૂ કરી

અમરેલી, તા. ૧૦

ડમ્પર નં. જી.જે.-૦૯ ઝેડ ૨૬૮૯ ના વાહનમાં તેના માલિક, ડ્રાઈવર, કેબીનમાં બેસેલ બે અજાણ્યા માણસોએ ગેરકાયદેસર રીતે સાદી રેતી

અનુસંધાન પાના ૬ ઉપર


Krishna DINING HALL

ક્રિષ્ના ડાઈનીંગ હોલ

અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...

ફુલ ગુજરાતી થાળી

પાર્સલ સુવિધા ઉપલબ્ધ

સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ

અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૬૪૦૦૧

: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨



જોઇએ છે

કોમ્પ્યુટર ઓપરેટર......................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી

ઓફિસબોય............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે

અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦

''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ

63,450/-
(૧૦ ગ્રામ)

રહેલ તા.૧૦/૦૪/૨૦૨૪ ના રોજ

હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166


બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬








તમારું આગલું બિલ ચૂકવવા માટે તમારા કેશબેકનો ઉપયોગ કરો.

Terms & Conditions
- મિનિમમ રૂ. 999/- બિલની રકમ કેશબેક મેળવવા માટે જરૂરી છે.
- 2 ઓફર એક સાથે માન્ય નથી.
- ઓફર ફક્ત શીતલ રેસ્ટોરન્ટ - S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી પર જ માન્ય છે.
- કેશબેક ઓફર માત્ર રેસ્ટોરન્ટના બીલ પર જ માન્ય ગણાશે.

Location

શીતલ રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી. 9510959954


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)